# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425


16 JUNE,2025 MONDAY






પેજ 2 — ડભોઈ સરિતા ફાટક પાસે બ્રિજ પર ગાબડા પડતાં વાહનચાલકોમાં સતત ભય


પેજ 3 — પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ લીમડા ખાતે રક્તદાન કેમ્પ યોજાયો


પેજ 7 — રાજકોટની પ્રાથમિક-માધ્યમિક શાળાઓ અને કોચીંગ કલાસો શોકમય-સજ્જડ બંધ

પેજ 5 — આલિયા અને શરવરી વાઘ આગામી ફિલ્મમાં ડાન્સ સિક્વન્સની જુગલબંધી કરશે



pakkogujarat/ | Vol. 10 I Issue : 93 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com


### મૃતકોમાં 2 વર્ષનું બાળક અને 1 ગુજરાતી યાત્રી; ચાર ધામ હેલિકોપ્ટર સેવા બંધ કરાઈ

# કેદારનાથ નજીક હેલિકોપ્ટર ક્રેશ, 7 લોકોના મોત

### ખરાબ હવામાનને કારણે આ દુર્ઘટના થઈ હોવાનું અનુમાન : 7 સીટર હેલિકોપ્ટરમાં પાઇલટ રોબિન સહિત 5 મહિલાઓ અને 2 પુરુષો હતા

• દેહરાદૂન

રવિવારે સવારે લગભગ 5:20 વાગ્યે કેદારનાથ નજીક ગૌરીકુંડ ખાતે એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આમાં પાઈલટ સહિત તમામ 7 મુસાફરોના મોત થયા હતા. મૃત્યુ પામેલા લોકોમાં એક 2 વર્ષનો બાળક પણ સામેલ છે.

આ હેલિકોપ્ટર કેદારનાથ મંદિરથી ગૌરીકુંડ જઈને યાત્રાળુઓને લઈ ગયું હતું. શરૂઆતની માહિતી મુજબ ખરાબ હવામાનને કારણે આ દુર્ઘટના થઈ હતી. આ હેલિકોપ્ટર આર્યન એવિએશન કંપનીનું છે.

ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ (UCADA) અનુસાર, હેલિકોપ્ટરમાં યુપી-મહારાષ્ટ્રના 2-2 મુસાફરો અને ઉત્તરાખંડ, રાજસ્થાન, ગુજરાતના 1-1 મુસાફરો હતા. ગૌરીકુંડથી NDRF અને SDRF બચાવ ટીમો રવાના કરવામાં આવી છે.

આઈજી ગઢવાલ રાજીવ સ્વરૂપે જણાવ્યું હતું કે મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ છે કારણ કે તે આગમાં બળી ગયા હતા. મૃતકોનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે, ત્યારબાદ જ તેમને સંબંધીઓને સોંપવામાં આવશે.

ચાર ધામ યાત્રા હેલિકોપ્ટર સેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું - હેલી સેવાના સંચાલન માટે કડક નિયમો બનાવવામાં આવશે. આમાં, ઉડાન પહેલાં હેલિકોપ્ટરની ટેકનિકલ સ્થિતિ તપાસવી અને હવામાનની સચોટ માહિતી મેળવવી ફરજિયાત બનાવવામાં આવશે. ઉત્તરકાશીના ગંગણીમાં ભાગીરથી નદી પાસે એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં પાઈલટ સહિત 6 લોકોના મોત થયા. મૃતકોમાં બરેલીની એક માતા અને પુત્રી પણ હતાં.

આ હેલિકોપ્ટર ગંગોત્રી ધામ જઈ રહ્યું હતું. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, 7 સીટર હેલિકોપ્ટરમાં પાઈલટ રોબિન સહિત 5 મહિલાઓ અને 2 પુરુષો હતા. આ હેલિકોપ્ટર અમદાવાદ સ્થિત એરોટ્રેન્સ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપની ઓફ ગુજરાતનું હતું. તે બેલ (બેલ-વીટી-ક્યુએક્સએફ) હેલિકોપ્ટર હતું.






### બાળકી હોસ્પિટલમાં સારવાર હેઠળ; નાગપુરનો પરિવાર ફરવા ગયો હતો

## મનાલીમાં ઝિપલાઈનિંગ દરમિયાન હુક તુટી જતા 10 વર્ષની બાળકી 30 ફૂટ ઉપરથી પટકાઈ

• મનાલી

હિમાચલ પ્રદેશના મનાલીનો એક વીડિયો વાયરલ થયો છે. આમાં ઝિપલાઈનિંગ કરતી 10 વર્ષની બાળકી 30 ફૂટની ઊંચાઈ પરથી જમીન પર પડી હતી. આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલી છોકરીનું નામ ત્રિશા છે. પહેલા ત્રિશાને મનાલીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાંથી તેને ચંદીગઢ રિફર કરવામાં આવી હતી, હવે તેની સારવાર નાગપુરની એક ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે. ત્રિશાનો પરિવાર મહારાષ્ટ્રના નાગપુરનો છે. ત્રિશા તેના પિતા પ્રફુલ બિજવે અને માતા સાથે રજાઓ મનાવવા માટે મનાલી ગઈ હતી. 8 જૂનના રોજ, જ્યારે તે ઝિપલાઈનિંગ કરી રહી હતી, ત્યારે આ અકસ્માત થયો હતો. આ વીડિયો સામેની ટેકરી પર રહેલા એક વ્યક્તિએ રેકોર્ડ કર્યો હતો.વીડિયોમાં, ત્રિશા વાયર પર લટકતી દેખાય છે, જ્યારે તે 30 ફૂટની ઊંચાઈ પર હોય છે, ત્યારે તે જેના પર લટકતી હતી તે હૂક તૂટી જાય છે. ત્રિશા ચીસો પાડે છે અને જમીન પર પટકાય છે. વીડિયો બનાવતા વ્યક્તિ કહેતા સાંભળાય છે - ઓહ... છોકરી પડી ગઈ.





## મથુરામાં 6 મકાનો ધરાશાયી, 12 લોકો દટાયા : 3ના મોત

• મથુરા

રવિવારે મથુરામાં એક મોટી દુર્ઘટના બની. મથુરામાં ગોવિંદ નગર વિસ્તારમાં અચાનક 6થી વધુ ઘરો ધરાશાયી થયા. આ દુર્ઘટનામાં 12થી વધુ લોકો તેની નીચે દટાઈ ગયા. અકસ્માત બાદ વિસ્તારમાં નાસભાગ મચી ગઈ. લોકો સમજી શક્યા નહીં કે શું થયું. નજીકના લોકોની માહિતી પર, મ્યુનિસિપલ કોર્પોરેશન, વહીવટીતંત્ર અને ફાયર બ્રિગેડની ટીમ પહોંચી ગઈ છે. બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બચાવ કામગીરી દરમિયાન લોકોએ ઘરના કાટમાળ નીચે દટાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આમાં 3 લોકોના મોત થયા છે. એક યુવકને જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. યુવકની ઓળખ બજરંગ લાલ સૈનીના પુત્ર તોતારામ (38) તરીકે થઈ છે. આ બધા ઘરો માટીની ટેકરી પર બનાવવામાં આવ્યા હતા. આજે અચાનક ટેકરી ધસી પડી હતી અને ઘરો ધરાશાયી થયા હતા. મોટાભાગના ઘરોની છત અને દિવાલો તૂટી ગઈ. નજરેજોનારે જણાવ્યું કે એવું લાગ્યું કે જાણે ભૂકંપ આવ્યો હોય. પળવારમાં, એક પછી એક 8 ઘરો ધરાશાયી થયા. અંદર રહેલા લોકોને બહાર નીકળવાનો પણ સમય મળ્યો ન હતો. કાટમાળ નીચે દટાયેલા લોકોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી. અધિકારીઓનું કહેવું છે કે હાલમાં કાટમાળ દૂર કરવામાં આવી રહ્યો છે. જે લોકોના ઘરો ધરાશાયી થયા છે તેમના પરિવારોને ગુમ થયેલા લોકો વિશે પૂછવામાં આવી રહ્યું છે. આ અકસ્માત બપોરે 12 વાગ્યાની આસપાસ થયો હતો.


### પુણેમાં મોરબી ઝૂલતા પુલ જેવી જ દુર્ઘટના

## ઈન્દ્રાયણી નદી પરના બ્રિજ પર પ્રવાસીઓનો ધસારો થતા ધરાશાયી: ૨નાં મોત, 38 લોકો ગુમ

• નવી દિલ્હી

મહારાષ્ટ્રના પુણે જિલ્લાના માવલ તહસીલમાં કુંડમાલા ગામ નજીક રવિવારે બપોરે 3:30 વાગ્યે ઈન્દ્રાયણી નદી પરનો પુલ તૂટી પડ્યો. ઘટનાસ્થળે હાજર અધિકારીઓના જણાવ્યા અનુસાર, 38 લોકો ગુમ છે.

ધારાસભ્ય સુનિલ શેલ્કેએ અગાઉ દાવો કર્યો હતો કે અકસ્માતમાં 6 લોકોના મોત થયા છે. જેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. જોકે, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને પુણે ઝોન 2ના ડીસીપીએ 2 લોકોના મોતની પુષ્ટિ કરી છે. એનડીઆરએફની ટીમોએ 6 લોકોને બચાવ્યા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે ઘણા લોકો નદીના જોરદાર પ્રવાહને જોવા માટે ઉભા હતા. અકસ્માત સ્થળ પુણેથી 30 કિમી દૂર છે, લોકો વીકેન્ડની ઉજવણી કરવા માટે અહીં પહોંચે છે પુણેથી કુંડમાલાનું અંતર 30 કિમી છે. આ સ્થળ મુંબઈ જતા માર્ગ પર એક્સપ્રેસ વેમાં પ્રવેશતા પહેલા સ્થિત છે. સપ્તાહના અંતે હજારો લોકો અહીં પહોંચે છે. પુલ જર્જરિત હતો, ક્ષમતા કરતાં વધુ લોકો અને વાહનોની અવરજવર હતી પ્રાથમિક માહિતી અનુસાર, આ પુલ પહેલાથી જ ખૂબ જ ખરાબ અને જર્જરિત સ્થિતિમાં હતો. અકસ્માત સમયે પુલ પર તેની ક્ષમતા કરતાં વધુ પ્રવાસીઓ હતા.



## મોદી સાયપ્રસ પહોંચ્યા: રાષ્ટ્રપતિ નિકોસે એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું

### નિકોસ મોદીનો હાથ પકડીને રેડ કાર્પેટ પર ચાલ્યા

• નવી દિલ્હી

PM નરેન્દ્ર મોદી સાયપ્રસ પહોંચી ગયા છે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે એરપોર્ટ પર રેડ કાર્પેટ પાથરીને તેમનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ નિકોસ પીએમ મોદીનો હાથ પકડીને ચાલ્યા ગયા. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પીએમ 15-16 જૂને સાયપ્રસમાં રહેશે. તેઓ 16 અને 17 જૂને કેનેડામાં G7 સમિટમાં ભાગ લેશે. આ પછી, તેઓ 18 જૂને ક્રોએશિયા જશે. તેઓ 19 જૂને ભારત પાછા ફરશે.

મોદી સાયપ્રસની મુલાકાત લેનારા ત્રીજા ભારતીય વડાપ્રધાન હશે. આ પહેલા, ઈન્દિરા ગાંધીએ 1983માં અને અટલ બિહારી વાજપેયીએ 2002માં સાયપ્રસની મુલાકાત લીધી હતી.



ભારત અને સાયપ્રસ વચ્ચે હંમેશા મજબૂત રાજદ્વારી સંબંધો રહ્યા છે, પરંતુ આવી ઉચ્ચ સ્તરીય મુલાકાતો ભાગ્યે જ જોવા મળે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 2018માં અને વિદેશ મંત્રી એસ જયશંકરે 2022માં સાયપ્રસની મુલાકાત લીધી હતી.

મોદી રાજધાની નિકોસિયામાં રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સને મળશે. આ ઉપરાંત, તેઓ લિમાસોલમાં ઉદ્યોગપતિઓને સંબોધન કરશે. 2015 સુધી સાયપ્રસમાં 2700 ભારતીયો રહેતા હતા.

### સુરક્ષા દળોએ 5 જિલ્લામાં દરોડા પાડ્યા હતા

## મણિપુરમાં 328 હથિયારો અને દારૂગોળો જપ્ત કરાયો

• ઈમ્ફાલ

મણિપુરમાં સુરક્ષા દળો દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશનમાં, 328 હથિયાર અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં સેલ્ફ લોડિંગ રાઈફલ્સ (SLR) અને INSAS જેવી રાઈફલ્સનો સમાવેશ થાય છે. મણિપુર પોલીસના ADGP લ્હારી દોરજી લ્હાતુએ જણાવ્યું હતું કે પોલીસ, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF), આર્મી અને આસામ રાઈફલ્સની સંયુક્ત ટીમે 13-14 જૂનની રાત્રે પાંચ જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા.આમાં, 151 SLR રાઈફલ્સ, 65 INSAS રાઈફલ્સ, 6 AK સીરીઝની રાઈફલ્સ,2 અમોઘા રાઈફલ્સ, એક AR-15 રાઈફલ, 5 કાર્બાઈન ગન, 2 MP5 ગન, 12 લાઈટ મશીન ગન (LMG), 6 પિસ્તોલ અને અન્ય યુદ્ધ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.આ ઉપરાંત, 591 મેગેઝિન અને હજારો રાઉન્ડ (ગોળીઓ) જપ્ત કરવામાં આવ્યા હતા. જેમાં 3534 SLR રાઉન્ડ, 2186 INSAS રાઉન્ડ, 234 AK રાઉન્ડ, 407 Amog રાઉન્ડ, .303ના 2252 રાઉન્ડ અને 9 mmના 20 રાઉન્ડનો સમાવેશ થાય છે. ઓપરેશનમાં 10 ગ્રેનેડ, ત્રણ લેથોડ્સ, સાત ડેટોનેટર અને ત્રણ પેરા શેલ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. સેના અને આસામ રાઈફલ્સે મણિપુર પોલીસ, CRPF, BSF અને ITBP સાથે મળીને 26 મે થી 5 જૂન દરમિયાન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન, ગુપ્ત માહિતીના આધારે કાંગપોકપી, થૌબલ, કાકચિંગ, તેંગનોપાલ, બિષ્ણુપુર, જીરીબામ, ઈમ્ફાલ પૂર્વ અને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાઓમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

## નાઈજીરીયાના બેન્યુમાં 100 લોકોની ગોળી મારીને હત્યા: સેંકડો ઘાયલ

### બંદૂકધારીઓએ ઘણા પરિવારોને તેમના ઘરોમાં બંધ કરી જીવતા

• અબુજા

નાઈજીરીયાના ઉત્તર-મધ્ય બેનુ રાજ્યના યેલેવાટા શહેરના એક ગામમાં ઓછામાં ઓછા 100 લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. સેંકડો ઘાયલ થયા છે અને ડઝનેક હજુ પણ ગુમ છે. હ્યૂમન રાઈટ્સ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ નાઈજીરીયા નામના જૂથે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે હુમલાઓ શુક્રવાર મોડી રાતથી શનિવાર સવાર સુધી થયા હતા. ઘાયલોને હજુ પણ જરૂરી તબીબી સંભાળ મળી શકી નથી.એમ્નેસ્ટીના મતે, આ સામૂહિક હુમલામાં, હુમલાખોરોએ ગામના ઘણા પરિવારોને તેમના ઘરોમાં બંધ કરી દીધા અને તેમને જીવતા સળગાવી દીધા. લોકો એટલા ખરાબ રીતે બળી ગયા કે તેમને ઓળખવા મુશ્કેલ બની ગયા. બેનુ પોલીસે હુમલાની પુષ્ટિ કરી છે પરંતુ હત્યા કોણે કરી છે અથવા કેટલા લોકો માર્યા ગયા છે તે જણાવ્યું નથી. સ્થાનિક લોકોએ સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે હુમલામાં 100 થી વધુ લોકોના મોતની આશંકા છે.બેન્યુમાં જમીન અને પાણી માટે મુસ્લિમ-ખ્રિસ્તી લોકો લડી રહ્યા છે બેન્યુ નાઈજીરીયાના મધ્ય પટ્ટામાં આવેલું છે, જ્યાં ઉત્તરમાં મુસ્લિમ બહુમતી અને દક્ષિણમાં ખ્રિસ્તી બહુમતી છે. બંને સમુદાયો ઘણીવાર જમીન અને પાણી માટે લડે છે.આ સંઘર્ષો વંશીય અને ધાર્મિક વિભાજનને કારણે વધુ ખરાબ થાય છે. મુસ્લિમ અને ખ્રિસ્તી પશુપાલકો અને ખેડૂતો વચ્ચે, ખાસ કરીને જમીનને લઈને, સ્પર્ધા છે.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

ભ્રષ્ટાચારની બૂ — ચોમાસા પહેલા બ્રિજ ઉપર રોડના ખાડા પુરવા વાહન ચાલકોની માંગ


# ડભોઈ સરિતા ફાટક પાસે રેલ્વે ઓવરબ્રીજ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરીમાં ગોબાચારી

## કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી રાખવામાં આવતી હોય છેલ્લા ઘણા સમયથી રોડ ઉપર મોટા ખાડા પડી ગયા છે અને વારંવાર વાહનો ફસાઈ જતા જે ને કારણે નાના-મોટા વાહનોના અકસ્માત પણ બનતા હોવાનું જાણવા મળે છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ સરિતા ફાટક પાસે રેલ્વે ઓવરબ્રીજ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી કામગીરી રોડ પર ખાડા પડી જવાથી વારંવાર વાહનો ફસાઈ જતા હોય તેમજ નજીક ચોમાસાની ઋતુ આવતી હોય બ્રિજ ઉપર ખાડા પૂરવા વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે... ડભોઈ સરિતા રેલવે ફાટક ખાતે એક બાજુના ઓવરબ્રિજ માર્ગ પર ઠેરઠેર ખાડા પડી ગયા છે. ટૂંક સમયમાં ચૌમાસુ શરૂ થતા પહેલા માર્ગ પર રોડ પરથી પસાર થતા વાહનચાલકો ખાડા પડી જવાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી રાખવામાં આવતી હોય છેલ્લા ઘણા સમયથી રોડ ઉપર મોટા ખાડા પડી ગયા છે અને વારંવાર વાહનો ફસાઈ જતા જે ને કારણે નાના-મોટા વાહનોના અકસ્માત પણ બનતા હોવાનું જાણવા મળે છે.

.આ માર્ગ પરથી ચોવીસ કલાક વાહનોની અવરજવર રહેતી હોય છે. ત્યારે માર્ગ પર ખાડા પડી જવાથી વાહન ચાલકો માટે અકસ્માત સર્જાઇ એવી સ્થિતિ નિર્માણ પામી રહી છે. ત્યારે ચોમાસા પહેલા બ્રિજ ઉપર રોડના ખાડા પુરવા વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે.







રવિવારે ચાર વાગ્યા પછી અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો

# ઓલપાડ તાલુકામાં અસહ્ય ઉકરાટ બાદ સાંજે ચાર કલાકે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો

આપદા — વરસાદી માહોલમાં વીજ પાવર ડૂલ થતાં તાલુકામાં અંધારપટ જેવો માહોલ

**આજની સ્થિતિ જોતા ઓલપાડ તાલુકાના મોટાભાગ ના ખેડૂતોની ડાંગરની કાંપણી પુરી થયેલ છે**

• ઓલપાડ

છેલ્લા બે દિવસથી ઓલપાડ તાલુકામાં અસહ્ય ઉકરાટ બાદ રવિવારે સાંજે ચાર કલાકના સુમારે અચાનક વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો.જો કે ભારે પવન સાથે વીજળીના ચમકારાથી દ.ગુ.વીજ કંપનીની ઓલપાડ સબ ડિવિઝને અગમ ચેતી વાપરી વીજ સપ્લાય બંધ કરી દેતા કાળા દિબાંગ વાદળછાયા વાતાવરણ વચ્ચે તાલુકામાં અંધારપટ જેવો માહોલ સર્જાયો હતો.

ઓલપાડ તાલુકામાં રવિવારે બપોર બાદ અસહ્ય ઉકળાટથી લોકો પરેશાની ભોગવી રહ્યા હતા. જો કે શનિવારે મોડી રાત્રે ગરમીના બફારા વચ્ચે વરસાદના અમી છાંતરા થયા હતાં. પરંતુ ત્યારબાદ બીજા દિવસે રવિવારે સાંજે ચાર કલાક સુધી મેહુલિયો માત્ર વાદળ માંથી ડોકિયું કાઢી સંતાકુકડી રમી રહ્યો હતો.પરંતુ રવિવારે ચાર વાગ્યા પછી અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કાળા દિબાંગ વાદળ વચ્ચે વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. જેને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરતા અસહ્ય બફાળાથી લોકોને આંશિક રાહત જરૂર મળી હતી.પરંતુ જે ખેડૂતો ઓલપાડ જીન કેમ્પસમાં ડાંગરની ગુણીઓ વાહનમાં ભરી મંડળીમાં નાંખવા આવ્યા હતાં તેવા ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો. જયારે ઉનાળું ડાંગરમાંથી પરવારી ગયેલા ખેડૂતોએ વરસાદ પડતાંની સાથે જ ચોમાસું ડાંગરનું ધરૂ(તરૂ) નાંખવાની તૈયારીઓ શરૂ કરી હતી. મોટાભાગના ખેડૂતોની ડાંગર કાંપણી પુરી થઈ છે રવિવારે સાંજે વરસાદ શરૂ થયો,ત્યારે હું ઓલપાડ જીન કેમ્પસ માં હાજર હતો.તે સમયે મંડળીઓમાં ડાંગર નાંખવા આવતાં વાહનો નહીંવત હતાં. ગત શનિવારે ઓલપાડ જીનમાં ૧૨ હજારથી વધુ ડાંગર ગુણીઓ અને રવિવારે ૭,૪૭૮ જેટલી ગુણી ઓ આવી હતી.આ ડાંગર જે ખેડૂતોએ રોપણી કરેલ ડાંગરને પાછળથી સિંચાઈ પાણી મળ્યું હતું તેવા કાંઠા વિસ્તારના કપાસી,કુવાદ કરંજ, મંદરોઈ વગેરે ગામના ખેડૂતો



ઉપરાંત હાંસોટ તાલુકાના ખેડૂતોએ ઓલપાડના સભાસદ ના નામે જમા કરાવેલ ડાંગર છે.જેથી આજની સ્થિતિ જોતા ઓલપાડ તાલુકાના મોટાભાગ ના ખેડૂતોની ડાંગરની કાંપણી પુરી થયેલ છે. અમોએ ગોડાઉનમાં એકત્ર કરેલ ડાંગરની ગુણીઓ ઉપર તાડપત્રી ઢંકાવી છે.જેથી રવિવારે પડેલ વરસાદથી કોઈ નુકસાન નથી. તેમ મનહરભાઈ પટેલ, પ્રમુખ-ઘી પુરૂષોત્તમ ફાર્મર્સ સોસાયટીએ જણાવ્યું હતું

# દરેક જગ્યાએ જવાબ આપવો જરૂરી નથી

• દર્શના પટેલ (નેશનલ એથ્લેટ અમદાવાદ)

ઘણીવાર એવું થતું હોય કે કોઈ વ્યક્તિ આપણા વિશે ખરાબ બોલે આપણા વિરુદ્ધમાં કંઈક વાતો કરે તો ત્યારે આપણે ગુસ્સે થઈ જતા હોઈએ છીએ કે આ વ્યક્તિ મારા માટે આવું બોલી જ કેમ શકે ?એ પોતાની જાતને સમજે છે શું.. અને હા સાચું છે ઘણીવાર લાઈફમાં એવું બનતું હોય કે લોકો આપણા માટે ખરાબ વાતો કરતા હોય આપણા વિરુદ્ધ બોલતા હોય અથવા કોઈને આપણા વિરુદ્ધ કહેતા હોય ત્યારે સ્વાભાવિક છે કે ગુસ્સો આવે પણ ગુસ્સાથી કઈ ઉકેલાશે નહીં



કારણકે લોકો શું બોલે છે? એના પર આપણું કોઈ જ નિયંત્રણ નથી હોતું. આવી પરિસ્થિતિમાં તમે તમારી જાતને એક સવાલ કરો કે ગુસ્સે થઈને એ વ્યક્તિને જવાબ આપવો એ જરૂરી છે? અને જો આપણે એને જવાબ આપીશું તો એણે બોલેલું બદલાઈ જશે? એ વ્યક્તિ બદલાઈ જશે? અને જો નહીં તો જવાબ આપવો બિલકુલ જરૂરી નથી કારણ કે દરેક વ્યક્તિ આપણા રિએક્શન ના કે આપણા જવાબના હકદાર નથી હોતા એક વાત યાદ રાખવી લોકો પોતાના અભિપ્રાયો અને અનુભવોના આધારે જ બોલે છે ક્યારેક લોકોને સંપૂર્ણ સત્યની ખબર પણ નથી હોતી અને ક્યારેક તેઓ ઈર્ષાથી કે ખોટું સમજીને પણ કંઈક ઊલટું બોલી જતા હોય છે ત્યારે ગુસ્સે થવાની જગ્યાએ શાંત રહીને વિચારો કે શું એ ઈર્ષા છે કે અયોગ્ય નિંદા છે અને તમને એવું લાગે ને કે હા તો એને અવગણવી જ શ્રેષ્ઠ છે શું કહે છે એના પર ધ્યાન આપવા કરતા મહત્વનું એ છે કે તમે તમારા વિશે શું માનો છો? તમારું કામ અને તમારું વ્યવહાર જ સાચો પ્રતિબિંબ છે લોકોના શબ્દો નહીં જે લોકોના મનમાં કચરો ભર્યો હશે એ તમારી સાથે એવું જ વર્તન કરશે નેગેટિવ બોલશે નેગેટીવ વાતો કરશે અને જે લોકોના મનમાં પોઝિટિવિટી હશે એ તમારી સફળતા અને તમારા કાર્યના હંમેશા વખાણ કરશે પ્રોત્સાહિત કરશે અને પ્રેરણા આપશે આપણે અહીંયા કોઈના વિચારોને બદલી નહીં શકીએ એના નકારાત્મક વાતોથી વર્તન પર આપણું કોઈ નિયંત્રણ નથી એટલે એમની વાતો પર વર્તન પર ધ્યાન ન આપતા એમને બદલવા કરતા આપણે ખુદમાં બદલાવ લાવવો અને ઈગ્નોર કરીને આગળ વધવું ખોટી જગ્યાએ પોતાની એનર્જી બરબાદ ન કરવી વળતો જવાબ આપવો કે એમની સાથે ચર્ચામાં ઉતરવું એ આપણી જવાબદારી નથી આપણે આપણી જિંદગીમાં ખુશ રહેવું હોય તો આંધળું અને બહેરુ બની જવું પછી જુઓ કે તમને કોણ દુ:ખ પહોંચાડી શકે છે એટલે સારી જિંદગી જીવવી હોય તો બદલો નહીં પણ ખુદમાં બદલાવ લાવવો જિંદગીમાં ખુશ રહેવાનો સૌથી મોટો મહામંત્ર કે જવાબ ન આપવો એ પણ સામેવાળાને એક જવાબ જ છે આ વાત ખૂબ જ અઘરી છે પણ જિંદગીમાં ખુશ રહેવા માટે આ રીત સૌથી સરળ છે જે તમને જિંદગી જીવવા માટે ખૂબ જ સરળ બનાવશે.

# ગજેરા ગ્લોબલ શાળામાં વિદ્યાર્થીઓએ ‘ફાધર્સ ડે’ ની ભવ્ય ઉજવણી કરી




• ઓલપાડ આસ્તિકપટેલ

૧૫ મી જૂને ગજેરા ગ્લોબલ શાળાનાં વિદ્યાર્થીઓએ ‘ફાધર્સ ડે’ની ઉજવણીનું આયોજન કર્યું હતું. પરિવારના દરેક સભ્ય આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દરેક વ્યક્તિ માટે તેમના પિતા ‘સુપર હીરો’ હોય છે.આપણા જીવનમાં તેમનું અહમ સ્થાન હોય છે, પિતા એ પરિવારના મુખિયા હોય; પરિવાર જ તેમની માટે મહત્વનો હોય છે. આ વાતને ધ્યાનમાં રાખી ગજેરા ગ્લોબલ શાળાના વિદ્યાર્થીઓએ એક અલગ અંદાજમાં ‘ફાધર્સ ડે’ ઉજવ્યો હતો. જેમાં પિતાઓ માટે ચેસ અને ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી શ્રી ચુનીભાઈ ગજેરા સાહેબ પણ ઉપસ્થિત રહેલ. શાળાનાં પ્રિન્સિપાલ શ્રીમતી શ્વેતા પરિહારે સર્વેનું સ્વાગત કર્યું હતું અને ભાગ લેવા બદલ સર્વેને ધન્યવાદ પાઠવ્યા હતા. પરેડ અને ઓથ બાદ રમતો રમવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સમૂહ નૃત્ય દ્વારા પિતા પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા પ્રસ્તુત કરી હતી. વિજેતાઓને ટ્રોફી, મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. અંતે ગજેરા ગ્લોબલ સ્કૂલનાં સ્પોર્ટ્સહેડ શ્રી ધવલ ચૌહાણે સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડભોઇના સ્ટેશન રોડ ઉપર લૂંટનો બનાવ ભંગારના વેપારી પાસેથી 60 હજાર ની કરાઈ લૂંટ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ખાતે ભંગારનુ ગોડાઉન બંધ કરી ઘરે આવતા સમયે બની ઘટના લૂંટની ઘટનામાં 60, હજાર ની ફરિયાદ ફરિયાદીએ નોંધાવી હોવાનું જાણવા મળે છે ભંગારના વેપારી મહેન્દ્રભાઈ ધનરાજભાઈ કુંગવાની પાસેથી નાણાં ની થેલી છીનવી લૂંટારૂઓ ફરાર બનાવને લઈને ઘટના સ્થળે લોકટોળા જામ્યા નગરજનોથી ધમધમતા વિસ્તારમાં લૂંટના બનાવ થી લોકો ચિંતિત લૂંટની ઘટનાને પગલે પોલીસે ઘટના સ્થળે પોહચી આગળની તપાસ શરૂ કરી હતી...ડભોઈ ચાંદોદ જૂની રેલ્વે ફાટક પાસે ખાડામાં છેલ્લા ઘણા વર્ષોથી સ્કેપ ભંગારનો ધંધો કરતા મહેન્દ્રભાઈ ધનરાજભાઈ ગત સાંજના સમયે ભંગારનુ ગોડાઉન બંધ કરી થેલીમાં રૂપિયા 60 હજાર રોકડા લઈ ઘરે જતા દરમિયાન વડોદરી ભાગોરથી રેલ્વે સ્ટેશન બનેલા નવીન રોડ ઉપરથી પસાર થતા દરમિયાન કોઈ જાન ભેદૂ લુંટારૂઓ નાણાની થેલી હાથ માંથી છીનવી લઈ ફરાર થઈ જતા બનાવને પગલે હોવા મચી જવા પામી હતી અને પોલીસ ને ઘટના અંગેની જાન થતા તાત્કાલિક લૂંટના સ્થળ પર પહોંચી જઈને આગળની તપાસ હાથ ધરી હતી . ત્યારે ધમધમતા આ રોડ ઉપર લૂંટના બનાવથી લોકોમાં ફફરાટ વ્યાપી ગયો હતો... લૂંટનો ભોગ બનનાર ફરિયાદીએ રૂપિયા 60 હજારની લૂંટની ફરિયાદ દાખલ કરી હતી...??

# મોડાસામાં મીની વાવાઝોડું પૂર્ણિમા હોટલ પાસે વડનું વૃક્ષ ધરાશાઈ, ચાલુ ઈકો કાર પર વિજપોલ પડ્યો

• ઉમંગ રાવલ સાબરકાંઠા

મોડાસા અને આસપાસના વિસ્તારો માં ગત મોડી સાંજે મીની વાવાજોડું ત્રાટક્યું,મોડાસા શહેર ના હાર્દ સમાં વિસ્તાર માં એકાએક પવન ફૂંકાતા પૂર્ણિમા હોટલ પાસે આવેલા વર્ષો જુના મહાકાય વડ નું વૃક્ષ ધરાશઈ થયું જેના કારણે ભારે આફરા તફરી મચી હતી.

રસ્તા પર ટ્રાફિક જામ ની સ્થિતિ સર્જાઈ હતી એવા માજ બાજુમાં આવેલ વિજપોલ ચાલુ લાઈને તૂટ્યો અને એક ઈકો ચાલક પસાર થતા હતા એમની ચાલુ ઈકો પર પડ્યો પણ વિજતાર જે રીતે પડ્યા હતા એ મુજબ સહેજ પણ કાર ને અસર થાય એમ નહોતી અને કાર ચાલાક શિફત પૂર્વક નીચે ઉતરી ગયો તેનો આબાદ બચાવ થયો હતો આ વિસ્તાર માં વીજળી પણ ડુલ થઈ હતી મોડી રાત સુધી લોકો ને ગરમી માં સમય વિતાવવાનો વારો આવ્યો હતો



# અમદાવાદથી જેતપુર તરફ આવતી બાંગ્લાદેશી મહિલાને પોલીસે ઝડપી પાડી

## દેરડી રોડ ઉપર આવવાની હોય પોલીસે વોચ ગોઠવી હતી

જેતપુર : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને શોધી કાઢવા ખાસ કવાયત શરૂ કરાઈ હતી. છેલ્લા ઘણા સમયથી પોલીસે ગેરકાયદેસર ધૂસી આવેલ બાંગ્લાદેશી નાગરિકોની તપાસ હાથ ધરી છે.ભારત સરકારે ભારત દેશમાં ઘુસણખોરી કરતા અન્ય દેશના લોકોને શોધી પોતાના દેશમાં પરત મોકલવા અને પોતાના દેશમાં પરત નહી જનાર ઘુસણખોરી કરતા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ આપેલ હોય.રાજકોટ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સુચના મુજબ જેતપુર ઉદ્યોગનગર પોલીસના પીઆઈ એમ.એમ ઠાકોરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રીઝવાનભાઈ સિંજાતને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક



બાંગ્લાદેશી મહિલા જેતપુર આવનાર છે.જેતપુર દેરડીધાર આવાસ યોજના ખાતે આવેલ ભાર્ગવ પ્રોસેસ વાળા રોડ ઉપર આ બાંગ્લાદેશી મહિલા આવનાર છે. જે હકીકત આધારે સદરહું હકીકત વાળી જગ્યાએ પોલીસ ટીમ મારફતે તપાસ કરતા પરવીન બેગમ ડો/ઓ હારીઝ મીર, ઉ.વ.-૩૧ રહે. ૫૨૫.૦૪ પુરબો સથેરા એરીયા, થાના-શાટ ગંબુજ, બગેરહાટ સદર ખુલના ડીવીઝન બાંગ્લાદેશ હાલ રહે. અમદાવાદ વાળી ભારતીય ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ કે અન્ય કોઈ બીજા પુરાવા વગર મળી આવેલ હોઈ મજકુર મહીલાની પુછપરછ કરતા, પોતે બાંગ્લાદેશી નાગરીક હોવાની અને કોઈ પણ વિઝા કે ભારત સરકારની મંજુરી વગર અહીં આવેલ હોવાનું જણાવેલ હોઈ મજકુર મહીલા પાસેથી બાંગ્લાદેશ સરકારનું જન્મ પ્રમાણપત્રની નકલ મળી આવતા, શંકાસ્પદ બાંગ્લાદેશી મહીલા નાગરીકને નજર કેદ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હતી.આ કાર્યક્રમમાં જેતપુર ઉદ્યોગનગર પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટર ડો. એમ.એમ.ઠાકોર તથા એ.એસ.આઈ. સંજયભાઈ પરમાર તથા પો.હેડ કોન્સ. હિતેષભાઈ વરૂ તથા રીઝવાનભાઈ સિંજાત તથા વાસુદેસિંહ જાડેજા તથા પો.કોન્સ. ચેતનભાઈ ઠાકોર દ્વારા ટીમ વર્કથી કરેલ છે.

ન્યૂઝ ફોક્સ — જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા જે દરમ્યાન જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના અલગ અલગ વિસ્તારમાંથી બે બિનવારસી મોટર સાયકલ જેની કિંમત ૫૦ હજાર વાળા મળી હતી

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત, જેતપુર તાલુકા પોલીસે બે બિનવારસી બાઈક મુળ માલિકને સોંપ્યા

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર તાલુકા પોલીસ ટીમ ગ્રામ્ય વિસ્તારમાંથી ખોવાયેલ અને ગુમ થયેલ ચીજવસ્તુઓ શોધી કાઢવા પેટ્રોલિંગમાં હોય દરમિયાન બે બિનવારસી બાઈક મળી આવ્યા હતા. જેના ચેસીસ નંબર પરથી ઈ ગુજકોપમાં સર્ચ કરી મુળ માલિકને બાઈક પરત સોંપ્યા હતા.

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા નાયબ પોલીસ અધીક્ષક આર.એ.ડોડીયા જેતપુર વિભાગ નાઓએ જીલ્લામા બનતા વણશોધાયેલ મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સુચના અન્વયે તાલુકા પીઆઈ એ.એમ.હેરમાની રાહબરી હેઠળ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા જે દરમ્યાન જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના અલગ અલગ વિસ્તારમાંથી બે બિનવારસી મોટર સાયકલ જેની કિંમત ૫૦ હજાર વાળા મળી આવેલ હોય જેને ઈ-ગુજકોપ તથા પોકેટકોપ મોબાઈલથી સર્ચ કરી મોટરસાયકલના મુળ માલીકોની શોધખોળ કરી મુળ માલીક (૧) મયુરભાઈ પ્રેમજીભાઈ અજુડીયા રહે.રાજકોટ તથા (૨) ભરતભાઈ ચંદુભાઈ વાઘોડીયા રહે. જુનાગઢ વાળાઓને બોલાવી દસ્તાવેજની ચકાસણી કરી માલીકો અંગે ખરાઈ કરી મુળ માલીકોને મોટરસાયકલ નંગ-૨ જેની કુલ કિંમત ૫૦ હજાર વાળા પરત સોંપી જેતપુર તાલુકા પોલીસે સરાહનીય કામગીરી કરેલ હતી.



# કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનના સાયકલ ચોરીના ગુન્હામાં ચોરીમાં ગયેલ તેમજ અન્ય ૮ સાયકલ સાથે આરોપીને પકડી પાડતી કીર્તિ મંદિર પોલીસ

## કીર્તિ મંદિર પોલીસે ચોરીમાં પકડી પાડેલ શકપડતી સાયકલો જે કોઈની ફોટામાં દર્શાવેલ હોય તો આધાર પુરાવા સાથે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા થઈ અપીલ



• વિરમભાઈ કે આગઠ

કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં ગુ.ર. નં. પાર્ટ- એ ૦૪૧૦/૨૦૨૫ બી. એન.એસ.કલમ ૩૦૩(૨) મુજબ સાયકલ ચોરીના કેસ નોંધાયેલ હતો. ત્યારે લિબર્ટી રોડ પરથી ચોરીમાં ગયેલ વર્ણન વાળી સાયકલ સાથે પોરબંદર આશાપુરા ચોક, ઘાસ ગોડાઉન વળી ગલીમાં રહેતા એક શખ્સ ને કીર્તિ મંદિર પોલીસે પકડી પાડતાં અને આગવી ઢબે પુછપરછ કરતા અન્ય ચોરાયેલી ૭ સાયકલ પણ કાઢી આપતા શકપડતી મિલકત તરીકે કબ્જે કરી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી કરેલ છે. જુનાગઢ રેંજના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા ચોરી સંબંધી ગુના શોધી કાઢવા અને અનડિટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવા વખતો વખત સૂચનાઓ કરેલ જે સૂચનાઓ અન્વયે પોરબંદર શહેર નાયબ પોલીસ અધિક્ષકસાહિત્યાવી.નાઓનાતથાકીર્તિમંદિરપોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે જે ચૌધરીનાઓના માર્ગદર્શન અને રાહબરી હેઠળ ડી- સ્ટાફ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.પી.મોરી તથા સ્ટાફના માણસો કીર્તિ મંદિર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. એ દરમિયાન વીરડી પ્લોટ, લકડી બંદર ત્રણ રસ્તા પાસે કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર પાર્ટ એ ૦૪૧૦/ ૨૦૨૫ બી.એન.એસ. કલમ ૦૩૦(૨) મુજબના કામે ચોરીમાં ગયેલ વર્ણનવાળી સાયકલ સાથે એક ઈસમને પકડેલ હોય, જેનું નામ પૂછતા પોતાનું નામ મનીષ ઉર્ફે મોબાઈલ ગીગાભાઈ મઢવી ઉંમર વર્ષ ૩૫, રહે આશાપુરા ચોક ઘાસ ગોડાઉનવાળી ગલી પોરબંદર વાળો હોવાનું જણાવેલ. અને મજકુર પાસેથી સાયકલ બાબતે આગવી ઢબે પૂછપરછ કરતા પોતાની પાસેની સાયકલ પોતે બે દિવસ પહેલા લિબર્ટી રોડ પોરબંદરમાંથી ચોરી કરેલ હોવાનું જણાવતા હોય જે સાઈકલ બાબતે કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત ગુનો રજીસ્ટર થયેલ હોય. ત્યારબાદ ઉપરોક્ત ગુનાના સાહેદો ની ચોરી થયેલ સાયકલ બાબતે આગવી ઢબે પુછપરછ કરતા પોતે અહીં આગળ બાજુમાં ખાંડીમાં ખાંચામાં સાયકલો સંતાડેલ છે. તેવું જણાવતા જે જગ્યાએ પંચો રૂબરૂ જઈ જોતા ખાંચામાં ઉપરોક્ત ગુનાના સાહેદોની બે સાયકલ તથા અન્ય ૭ સાયકલ મળી કુલ ૯ સાયકલ પડેલ હોય જે સાયકલ બાબતે પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ ના આપતા બી.એન. એસ. એસ. કલમ.૧૦૬ મુજબ શક પડતી મિલકત તરીકે ઉપરોક્ત સાયકલો પંચનામાની વિગતે કબ્જે કરી ઉપરોક્ત આરોપીને ધોરણસર અટક કરેલ છે પોરબંદર પોલીસ હંમેશા આપની સેવા માટે તત્પર છે ત્યારે પોરબંદર પોલીસ દ્વારા પોરબંદર શહેરની જનતા જોગ જણાવવા માં આવેલ કે કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં સાયકલ ચોરીના નોંધેલ ગુન્હામાં આરોપી મનીષ ઉર્ફે મોબાઈલ ગીગાભાઈ મઢવી ઉંમર વર્ષ ૩૫, રહે આશાપુરા ચોક ઘાસો ગોડાઉન વાળી ગલી પોરબંદરવાળા પાસેથી શકપડતી મિલકત તરીકે ફોટામાં દર્શાવેલ કુલ ૭ સાયકલ કબજે કરવામાં આવેલ છે જે પૈકી કોઈ સાયકલ કોઈની માલિકીની હોય તો યોગ્ય આધાર પુરાવા સાથે કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનનો મોબાઈલ નંબર ૬૩૫૯૬૨૫૦૬૦ પર સંપર્ક કરવા જણાવેલ છે આ સમગ્ર કામગીરી કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર જે જે ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.પી. મોરી તથા આર્મ પોલીસ કોસ્ટેબલ હોથીભાઈ અરજણભાઈ તથા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ કિશોરભાઈ માલદે ભાઈ તથા આર્મ પોલીસ કોન્સ્ટેબલ જય ભાઈ રમેશભાઈ અને વુમન લોકરક્ષક કીર્તીબેન ભરતભાઈ રોકાયા હતા

નવીન ટેકનોલોજીનો ઉપયોગ – લાઈટિંગ સિસ્ટમ

# "ખેતી ફક્ત પરંપરા નથી, એમાં નવતરતા હોવી જોઈએ"

**અન્ય ખેડૂતો માટે પ્રેરણા** ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કંટાસર ગામના ખેડૂત જગદીશભાઈ દેસાઈનું પ્રેરણાદાયક કાર્ય



• પાક્કો ગુજરાત

ગુજરાત રાજ્યે છેલ્લા કેટલાક વર્ષોથી ખેતીના ક્ષેત્રમાં નવીનતાઓ અપનાવવાની દિશામાં ઘણા આગવા પ્રયત્નો કર્યા છે. ખાસ કરીને નવીન પાકો અને નવી પદ્ધતિઓ અપનાવવાના ઉદાહરણો દ્વારા રાજ્યના અનેક ખેડૂતો દેશ-વિદેશમાં ચર્ચાના કેન્દ્ર બન્યા છે. આવુંજ એક પ્રેરણાદાયક ઉદાહરણ છે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કંટાસર ગામના ખેડૂત જગદીશભાઈ દેસાઈનું. તેઓએ પોતાની ખેતીની પદ્ધતિમાં એવું અનોખું પરિવર્તન કર્યું કે સમગ્ર ગુજરાતના ખેડૂતોમાં નવા ઉત્સાહનું સંચાર થયો છે. જગદીશભાઈ દેસાઈ પાસે કુલ 40 વીઘા જમીન છે જેમાંથી તેમણે 10 વીઘા જમીનમાં ડ્રેગન ફ્રૂટનું વાવેતર શરૂ કર્યું. શરૂઆતમાં તો તેમને માત્ર ડ્રેગન ફ્રૂટમાંથી સારું ઉત્પાદન મળશે એવી આશા હતી, પણ આજે તે આશા સફળતામાં પરિવર્તિત થઈ ગઈ છે. તેમના જણાવ્યા અનુસાર, એક વીઘા જમીનમાંથી તેમને દોઢ થી બે લાખ રૂપિયું ઉત્પાદન મળી રહ્યું છે. 10 વીઘામાંથી તેઓ દર વર્ષે 15 થી 19 લાખ રૂપિયા સુધીનું ઉત્પાદન મેળવી રહ્યા છે, જે તે ક્ષેત્ર માટે એક દ્રષ્ટાંતરૂપ સફળતા ગણાય. જગદીશભાઈએ ડ્રેગન ફ્રૂટના પાકમાં એક અનોખો અને વિજ્ઞાનસર્જિત પ્રયત્ન કર્યો છે - એલઈડી લાઈટિંગ સિસ્ટમ. સોશિયલ મીડિયામાં વિદેશી ખેડૂતોનો એક વિડિયો જોયા પછી તેમણે વિચાર્યું કે ગુજરાતમાં પણ આવી જ પદ્ધતિ અપનાવી શકાય. આથી તેમણે બે લાખથી વધુનો ખર્ચ કરીને પોતાની 10 વીઘાની વાડીમાં રાત્રે ચાલુ રાખવા માટે એલઈડી લાઈટ લગાવ્યા. આ લાઈટિંગનો મુખ્ય ઉદ્દેશ પાકના ફોટોસિંથેસિસના સમયગાળાને વધારવાનો હતો જેથી છોડ પહેલા ફળ આપે. પરિણામે, ફળોનું ઉત્પાદન તાળમેલથી વહેલું થાય છે અને તે વખતે માર્કેટમાં ફળોની ઓછી સપ્લાય હોવાને કારણે તેઓના ફળોનું ભાવ વધારે મળે છે. તેમણે જણાવ્યું કે લાઈટિંગ સિસ્ટમના કારણે તેઓને 200 પ્રતિ કિલોની ઉંચી કિંમતે વેચાણ કરવાની તક મળી છે, જે સામાન્ય રીતે મોસમ દરમિયાન મળતી નથી. ડ્રેગન ફ્રૂટના વાવેતર સાથે તેઓએ મિશ્ર ખેતી પણ કરી છે. આ પદ્ધતિ હેઠળ તેઓએ હળદર, જામફળ, સીતાફળ અને લીંબુ જેવી બીજી ખેતી પણ કરી છે. આ પાકોથી પણ તેમણે ત્રણ લાખથી વધુનું ઉત્પાદન મેળવ્યું છે. આ મિશ્ર પદ્ધતિથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ખેતી વધુ લાંબા ગાળે ફળદાયી બને છે. જગદીશભાઈ દેસાઈની વધુ એક વિશેષતા એ છે કે તેઓ પ્રાકૃતિક ખેતી કરે છે. કોઈપણ રાસાયણિક ખાતર કે જીવાંશનાશકોનો ઉપયોગ કર્યા વગર તેઓ જમીનનું સ્વાસ્થ્ય જાળવી રાખે છે અને શાકભાજી તથા ફળોમાં પોષકતત્ત્વોની સમૃદ્ધિ જાળવી રાખે છે. આ રીતે તેઓ માત્ર આર્થિક રીતે નહીં પણ પર્યાવરણની દૃષ્ટિએ પણ ભવિષ્યની પેઢી માટે ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે. જગદીશભાઈનું કાર્ય ગુજરાતના અને સમગ્ર ભારતના ખેડૂતો માટે એક દ્રષ્ટાંતરૂપ છે. તેઓએ સાબિત કર્યું છે કે ટેકનોલોજી અને પરંપરાગત ખેતી પદ્ધતિ વચ્ચે સંતુલન જાળવીને પણ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. ખાસ કરીને એવું પાક, જેનો ખર્ચ વધુ હોય, એમાં યોગ્ય આયોજન અને દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. તેમના જુસ્સાથી પ્રેરાઈને આજુબાજુના ગામના અનેક ખેડૂતોએ પણ ડ્રેગન ફ્રૂટના વાવેતર અને લાઈટિંગ ટેકનિકમાં રુચિ દાખવી છે. આજે ગુજરાતના અનેક જીલાઓમાં આ ઉદાહરણને અનુસરીને ખેડૂતો આઝમાવવાની તૈયારીમાં છે. ડ્રેગન ફ્રૂટના વાવેતર અને લાઈટિંગ ટેકનિકની નવીનતા દ્વારા જગદીશભાઈ દેસાઈએ માત્ર પોતાની deil પરંતુ સમગ્ર વિસ્તારમાં ખેતીની દિશા બદલાવી છે. નવીન વિચારો, ખંત, અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને ખેડૂત કેવી રીતે સફળતાના શિખરે પહોંચી શકે તેનો જીવંત દાખલો છે તેમનો પ્રવાસ. ગુજરાત માટે તેઓ એક અનોખા કૃષિ વિઝનરી છે જેમણે "ખેતી ફક્ત પરંપરા નથી, એમાં નવતરતા હોવી જોઈએ" એ વાતને સાબિત કરી છે. આવી સફળતાઓ દેશના કૃષિ ક્ષેત્રમાં નવી આશાઓ જગાવે છે અને યુવા ખેડૂત પેઢીને ખેતી તરફ આકર્ષે છે - જે ખેતી માટેનો સાચો ક્રાંતિનો માર્ગ બની શકે છે.

# પાટણમાંથી ઘૂસણખોરી કરનાર વધુ ત્રણ બાંગ્લાદેશી મહિલાઓ પકડાઈ

ત્રણેય મહિલાઓ મજૂરી અર્થે પાટણમાં રોકાઈ હતી



• પાટણ

બાંગ્લાદેશમાંથી ગેરકાયદેસર ઘુષણખોરી કરી ભારતમાં રહેતી વધુ ત્રણ બાંગ્લાદેશી મહિલાઓને એસઓજી પોલીસે પાટણમાંથી ધરપકડ કરી છે.પહેલગામ હુમલાબાદ પાટણમાંથી અત્યાર સુધીમાં કુલ આઠ બાંગ્લાદેશી પકડાયા છે.જેમાં એક પુરુષ અને સાત મહિલાઓનો સમાવેશ થાય છે. પોલીસે તસ્કુરાનાખાતુન (ઉ.31), પોલીબેગમ (ઉ.40) અને સામસુન્નાહાર (ઉ.35)ને પકડી પાડી હતી.

પોલીસે તેમની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ ત્રણેય મહિલાઓ પાસે પાસપોર્ટ કે કાયદેસરના વિઝા નથી. જેમાં તસ્કુરાનાખાતુન જાન્યુઆરી 2024માં બાંગ્લાદેશની સુનાબેરી બોર્ડર થઈને ભારતમાં પ્રવેશી હતી. પોલીબેગમ 5 વર્ષ પહેલા એક શખ્સ દ્વારા બાંગ્લાદેશની બેનાફુલ બોર્ડર થઈને ભારતમાં ઘુસણખોરી કરી હતી.

તે અમદાવાદના રૂમ ભાડે રાખીને વટવામાં રહેતી હતી અને છેલ્લા એક વર્ષથી સુરતમાં રહી રહી હતી. સામસુન્નાહાર 10 માર્ચ 2024ના રોજ બાંગ્લાદેશની બેનાફુલ બોર્ડર થઈને ભારતમાં આવી હતી અને અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતી હતી. છેલ્લા 5 માસથી અલગ અલગ હોટલોમાં રહેતી હતી.ત્રણેય મહિલાઓ હાવડા થઈને અમદાવાદ આવી હતી અને મજૂરી માટે પાટણ આવી હતી. ભારતમાં ઘુસણખોરી કરી રોકાઈ હોવાથી તેમની સામે આ કાર્યવાહી કરવામાં આવી છે.

# દિયોદર મોડીરાત્રે ભારે પવન ફુંકાયા બાદ અમુક ગામોમાં વરસાદ ખેતરોમાં પાણી ભરાયાં

કોટડા(દિ), જાડા, ડુચકવાડા નવા રૈયા જેવા ગામોમાં પણ વરસાદ

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની દ્વારા



ભારે બફારા અને ઉકળાટ ની સ્થિતિ વચ્ચે શનિવારે બનાસકાંઠા જિલ્લાના અનેક ગામોમાં મોડી રાત્રે ભારે પવન બાદ એકાએક વરસાદ વરસ્યો હતો જેના લીધી નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયાં હતાં દિયોદર શહેર તેમજ ગામડાઓ પણ મોડી રાત્રે ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી અને પવન સાથે જોરદાર વરસાદ વરસતા લોકોએ ગરમી માંથી રાહત મેળવી હતી દિયોદર તાલુકાના કોટડા(દિ) , જાડા, ચગવાડા, ડુચકવાડા ,નવા , રૈયા, લુદરા ,ગોદા જેવા અનેક ગામોમાં મોડી રાત્રે વરસાદનું આગમન થયું હતું જેમાં કયાંક ગામોમાં ખેતરોમાં પાણી ભરાયાં હતા

# સાબરકાંઠામાં વાવાઝોડા સાથે વરસાદ:વાહનચાલકો ત્રસ્ત



• ઉમંગ રાવલ સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે મોડી સાંજે વાવાઝોડું ફૂંકાયું હતું. દિવસભરના અસહ્ય ઉકળાટ બાદ આવેલા વાવાઝોડાએ વાહનચાલકોને મુશ્કેલીમાં મૂક્યા હતા. હિંમતનગરથી પ્રાંતિજ, શામળાજી, વિજાપુર અને ઈડર રોડ પર વાવાઝોડાને કારણે ધૂળની ડમરીઓ ઊડી હતી. પરિસ્થિતિની ગંભીરતાને જોતાંદ્વિચક્રીવાહનચાલકોએ થોડા સમય માટેરોડની સાઈડમાં વાહનો પાર્ક કરી દીધા હતા. વાવાઝોડા બાદ હિંમતનગર અને પ્રાંતિજના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જિલ્લા ડિઝાસ્ટર વિભાગના આંકડા મુજબ, છેલ્લા 24 કલાકમાં તલોદમાં સૌથી વધુ 27 મિમી વરસાદ નોંધાયો હતો. વડાલીમાં 4 મિમી અને પ્રાંતિજમાં 1 મિમી વરસાદ પડ્યો હતો. તલોદમાં માત્ર બે કલાકમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. આઠ તાલુકામાંથી માત્ર વડાલી, પ્રાંતિજ અને તલોદમાં જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો

14 જુલાઈ વિશ્વ બ્લડ ડોનેટ ડે નિમિત્તે પારુલ સેવાશ્રમ હોસ્પિટલ લીમડા વાઘોડિયા માં

# બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો



14 જુલાઈ વિશ્વ બ્લડ ડોનેટ ડે નિમિત્તે પારુલ સેવાશ્રમ હોસ્પિટલ લીમડા વાઘોડિયા માં બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો હતો કાર્યક્રમમાં બ્લડ ડોનેટ દાતાઓ બ્લડ ડોનેટ કરવા માટે આગળ આવે અને જરૂરત મંદ પેશન્ટને બ્લડ મળી રહે તે માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા આ પ્રોગ્રામ દરમિયાન પારુલ હોસ્પિટલ ના ઓનર પારુલ બેન પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા આ પ્રોગ્રામ દરમિયાન ડભોઈ સામાજિક કાર્યકર ઈમરાન ભાઈ કુરેશી ને પારૂલબેન પટેલના હસ્તે સર્ટિફિકેટ અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં પ્રથમવાર પ્રજ્ઞાચક્ષુ માટે જુડો ટ્રેનિંગ કેમ્પનો પ્રારંભ

• નરેશ ગનવાણી નડિયાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામમાં રાજ્યમાં પ્રથમવાર પ્રજ્ઞાચક્ષુ (દૃષ્ટિ દિવ્યાંગ) ખેલાડિઓ માટે જુડો ટ્રેનિંગ કેમ્પનું ઉદ્ઘાટન થયું છે. સેતુ ટ્રસ્ટ (વલ્લભ વિદ્યાનગર), બ્લાઈન્ડ સ્પોર્ટ્સ અસોશિએશન ઓફ ગુજરાત અને શ્રિ સ્વામિનારાયણ મંદિર વડતાલધામના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ઈન્ડિયન બ્લાઈન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન, ઈન્ડિયન બ્લાઈન્ડ એન્ડ પેરા જુડો એસોસિએશન અને પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાતનો સહયોગ રહ્યો હતો. ઉદ્ઘાટન પ્રસંગે પ.પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી, શ્યામવલ્લભદાસજી સ્વામી અને સુર્યપ્રકાશદાસજી સ્વામી એ ખેલાડિઓને આશિર્વાદ આપ્યા હતા. એ ઉપરાંત બિપિનચંદ્ર પટેલ, કાંતિભાઈ પરમાર, ચંદુભાઈ ભાટી, નિતિનભાઈ પટેલ, દીપક ગુપ્તા, નરસિંહભાઈ યાદવ, માલચંદભાઈ યોગી, આકાશ ઠાકોર, દીપાલીબેન રાઠી, કલ્પેશ ત્રિવેદી અને જીતુભાઈ રાસધરી એ પણ ઉપસ્થિત રહી હૌસલા વધારો કર્યો હતો. કેમ્પનું સંચાલન નિસીથભાઈ પંડયા એ કર્યું હતું અને આયોજનમાં શ્રિમતી સુધાબેન પટેલ, નરેન્દ્ર ઉપાધ્યાય, ચિરાગ પટેલ, રાધાબેન પટેલ, વંદન કળથિયા, ક્રિશ પંડ્યા, હાર્દિ ભોઈ, ઉર્વિષા મકવાણા અને આરતી મકવાણા એ સહકાર આપ્યો હતો. આ એતિહાસિક પહેલ પ્રજ્ઞાચક્ષુ ખેલાડિઓમાં આત્મવિશ્વાસ અને સ્વાવલંબનની નવી દિશા આપી રહી છે.

*મ્યુઝિકોલોજી સ્ટુડિયો સુરતમાં આલ્બમ ગીત રજૂ કરવાની ઓફર મળી. ૨૦૨૪ :- વાહ - વિંગ્સ ફોર ડ્રીમ્સ ટેલેન્ટ શો રજૂ કરે છે...★ સ્ટાર ઓફ ઈન્ડિયા - ૨૦૨૪ ટેલેન્ટ શો સીઝન-૫ @ સુરત અને અમદાવાદ ★ રાજ્ય નિર્દેશક તરીકે પસંદગી - ગુજરાત ★ ★ફાઇનલ જ્યુરી તરીકે પસંદગી★ (ખાસ પ્રદર્શન) ૨૦૨૪ :- માય ટેલેન્ટ હન્ટ ઓનલાઈન OTT ગાયન સ્પર્ધાના ટોચના ૩ વિજેતા ૨૦૨૪ :- ઇન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડ્સ ઓર્ગેનાઇઝેશન અને ઇન્ટરનેશનલ મ્યુઝિક ફ્લિટર્નિટી દ્વારા આપવામાં આવતો ઇન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડ્સ આઇકોન એવોર્ડ ૨૦૨૪ (સિંગિંગ કેટેગરી) ઇન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડ્સ ગર્વથી ગુજરાતના અમદાવાદના પાર્થ પંડ્યાને ગાયનના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ આઇકોન એવોર્ડ ૨૦૨૪ એનાયત કરે છે.*

# કોરિયોગ્રાફર થી શરૂઆત કરી બહુમુખી ગાયક /સિંગર તરીકે ઉભરતુ નામ પાર્થ પંડ્યા



• પાક્કો ગુજરાત

પાર્થ પંડ્યા સંગીત ઉદ્યોગમાં ૨૦૦૯ થી શરૂઆત કરી ૧૫ વર્ષ ની સફર મા અગ્રણી અને બહુમુખી ગાયક (સુફી, રોમેન્ટિક, ગઝલ, ગુજરાતી અનપ્લગ્ડ વગેરેના ઝોનરમાં નિપુણતા...) મેં મારી કારકિર્દી શરૂ કરી હતી 2009 ના વર્ષમાં સંગીત ઉદ્યોગમાં 15 વર્ષ 2011 - GMDC ખાતે શો લોન્ચ , 2011 - ઈન્ડિયન આઈડલ ફેમ રાહુલ વૈદ્ય સાથે પર્ફોર્મન્સ ( અલ્ટ્રાટેક સિમેન્ટ - આદિત્ય બિરલા ગ્રુપ દ્વારા આયોજિત ) 2012-13: અમદાવાદમાં અખિલ ગુજરાત રાજ્ય કક્ષાની એકલ ગાયન સ્પર્ધા વિજેતા 2013 - મેરેથોન રિલે ગાયનમાં સૌથી પ્રતિષ્ઠિત ગુનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ 2014 - રેડિયો મિર્ચી ક્લેશ ઓફ કોર્પોરેટ પ્રથમ વિજેતા (1000 સ્પર્ધકોમાં) 2017-18: અમદાવાદમાં પુરસ્કૃત સૌથી યુવા ગાયક 2019:- SBPT પરિવાર બ્રહ્મ સમાજ એવોર્ડ 2023 :- GCMA એવોર્ડ (ગુજરાત ગૌરવ ઉત્સવ ટેલેન્ટ એવોર્ડ) @ બરોડા 2023 :- વાહ - વિંગ્સ ફોર ડ્રીમ્સ ટેલેન્ટ શો રજૂ કરે છે...★ ભજન અને ગઝલ સમ્રાટ - 2023 ટેલેન્ટ શો @ સુરત★ ગેસ્ટ ઓફ ઓનર તરીકે પસંદગી ★ (સ્પેશિયલ પર્ફોર્મન્સ) 2023 :- વાહ - વિંગ્સ ફોર ડ્રીમ્સ ટેલેન્ટ શો રજૂ કરે છે...★ સ્ટાર ઓફ ઈન્ડિયા - 2023 ટેલેન્ટ શો સીઝન-4 @ સુરત ★ સ્ટેટ ડિરેક્ટર તરીકે પસંદગી -ગુજરાત ★ ★ફાઈનલ જ્યુરી તરીકે પસંદગી ★ (સ્પેશિયલ પર્ફોર્મન્સ) 2023:- સુરત ખાતે સુરો કે સરતાજ દ્વારા સમગ્ર ગુજરાતમાં એકલ ગાયન સ્પર્ધામાં એવોર્ડ અને બોલિવૂડ પ્લેબેક સિંગિંગમાં તક મળી. સ્પર્ધાના વિજેતા અને પ્રદર્શન કરવાની તક મળી ટી-સિરીઝ મ્યુઝિક કંપની બોલીવુડ. તાજેતરમાં ભારત દ્વારા વડોદરામાં ટેલેન્ટ સોલો સિંગિંગ સ્પર્ધામાં પુરસ્કાર પ્રાપ્ત થયો અને બીજા સ્થાને રહ્યો અને ગુજરાતી/બોલીવુડ મ્યુઝિક ઉદ્યોગમાં વિડિઓ આલ્બમ ગીત રજૂ કરવાની તક મળી. પાર્થના સુરીલા અવાજે માત્ર પ્રેક્ષકોને મોહિત કર્યા નથી પરંતુ સંગીત ઉદ્યોગ પર પણ અમીટ છાપ છોડી છે. કલા પ્રત્યેની તેમની સમર્પણ અને તેમની વિશિષ્ટ શૈલીએ તેમને અલગ પાડ્યા, તેમને ગાયન કલાની દુનિયામાં એક સાચા પ્રતિષ્ઠાવાન બનાવ્યા. અમદાવાદના જીવંત શહેરથી આવેલા પાર્થ પંડ્યાએ માત્ર સાંસ્કૃતિક પરિદૃશ્યને જ ઉન્નત બનાવ્યું નથી પરંતુ વૈશ્વિક સ્તરે મહત્વાકાંક્ષી ગાયકો માટે પ્રેરણા પણ બન્યા છે. આ એવોર્ડ પાર્થની ગાયકીના ક્ષેત્રમાં અતૂટ પ્રતિબદ્ધતા અને પ્રશંસનીય સિદ્ધિઓની ઉજવણી છે, જે તેમની કલાત્મકતાનો પુરાવો છે જે સરહદો પાર ગુંજતી રહે છે અને સંગીતની સાર્વત્રિક ભાષા દ્વારા હૃદયને એક કરે છે. 2024 :- ટીવી રાઉન્ડ અને જજ માટે ભારતના સિંગિંગ આઈકોન રિયાલિટી શોની પસંદગીઃ ઈન્ડિયન આઈડોલ ફેમ સલમાન અલી. ૨૦૨૪ - તાજેતરમાં ૨૬ મે ૨૦૨૪ ના રોજ TGA - તમસ ગ્લોબલ એવોર્ડ ( આશિકી ફેમ રાહુલ રોયના હસ્તે ) ૨૦૨૪ ★પાર્થ પંડ્યા ★ ★ગુજરાતમાં શ્રેષ્ઠ ગાયક - ૨૦૨૪ &&& ★વર્ષનો શ્રેષ્ઠ શાસ્ત્રીય ગાયક - ૨૦૨૪ ★ (ગુજરાત નો સર્વશ્રેષ્ઠ કલાકાર એવોર્ડ) ૨૦૨૪ :- વાહ - વિંગ્સ ફોર ડ્રીમ્સ ટેલેન્ટ શો રજૂ કરે છે...★ ઓપન માઈક - ૨૦૨૪ ટેલેન્ટ શો સીઝન-૫ @અમદાવાદ ★ ★સિંગિંગ જ્યુરી અને એસોસિએટ પાર્ટનર તરીકે ★ (વિશેષ પ્રદર્શન) ૨૦૨૪ :- તાજેતરમાં ગુજરાતના માનનીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીજીના પારિવારિક કાર્યક્રમમાં પરફોર્મ કર્યું. ૨૦૨૫ - તાજેતરમાં મારા અને બધા માટે એક વધુ ઉત્કૃષ્ટ સિદ્ધિ અને ગર્વની ક્ષણ ★ @ વલસાડ ★THE VOICE OF INDIA- NAVRANG TALENT FESTIVAL (SEASON - 9) ★ ★THE VOICE OF INDIA - ગાયન માટે વિશેષ માન્યતા પુરસ્કાર ★Ad well as GROUP SINGING WINNER ★ ★બોલીવુડ સંગીત ઉદ્યોગના વિડિઓ આલ્બમ ગીતમાં પ્લેબેક સિંગર તરીકે પરફોર્મ કરવાની તક મળી. ૨૦૨૫ :- તાજેતરમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કુમારપાલ દેસાઈ અને શ્રી વિજય રૂપાણીજીના પારિવારિક કાર્યક્રમો ગુજરાતના માનનીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી. ૨૦૨૫ - વાહ - વિંગ્સ ફોર ડ્રીમ્સ ટેલેન્ટ શો રજૂ કરે છે...★ ઓપન માઈક - ૨૦૨૫ ટેલેન્ટ શો સીઝન-૬ @અમદાવાદ ★ ★ગુજરાતના રાજ્ય નિર્દેશક તરીકે ★સિંગિંગ જ્યુરી અને એસોસિએટ પાર્ટનર તરીકે ★ (વિશેષ પ્રદર્શન) ૨૦૨૫ - ૨૭ એપ્રિલ '૨૦૨૫ ના રોજ પ્લેબેક સિંગર તરીકે મારું પહેલું આલ્બમ ગીત (મેરે ભોલે ભંડારી ) પર્ફોર્મિંગ આર્ટ સેન્ટર સુરત ખાતે લોન્ચ કરાયું હતું.

## સંક્ષીપ્ત સમાચાર

### દમણમાં ભાજપના બે નેતાઓ સામે છેતરપિંડીનો કેસ : પોલીસે નોટિસ આપી

વલસાડ : દમણ-દીવ દાદરા નગર હવેલીના રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચ્યો છે. દમણ નગરપાલિકાના પ્રમુખ અસ્પી દમણીયા અને ભાજપ માઈનોરિટી સેલના પ્રમુખ સૌક્ત મીઠાણી સામે છેતરપિંડીનો કેસ નોંધાયો છે. વ્યારાની એક નિવૃત્ત શિક્ષિકાએ આરોપ લગાવ્યો છે કે બંને નેતાઓએ તેમની પાસેથી ફ્લેટ અપાવવાના બહાને 20.51 લાખ રૂપિયા લીધા હતા. આ રકમ પરત નહીં કરતા પીડિતાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા તેમણે કોર્ટનો આશરો લીધો હતો. દમણની કોર્ટે બંને આરોપીઓ સામે ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો. જો કે, પોલીસે માત્ર નોટિસ આપીને જ કાર્યવાહી પૂરી કરી દીધી. સૂત્રોના જણાવ્યા અનુસાર, અસ્પી દમણીયા દમણ ભાજપના પ્રમુખ છે અને સૌક્ત મીઠાણી દમણ-દીવ, દાદરા નગર હવેલી ભાજપ માઈનોરિટી સેલના પ્રમુખ છે. સ્થાનિક લોકોનું માનવું છે કે રાજકીય દબાણને કારણે પોલીસે આ બંને નેતાઓ સામે કડક કાર્યવાહી કરવાથી દૂર રહી છે.

### દમણ-વલસાડ રોડ પર કોલક નદીના બ્રિજ પર કારમાં આગ લાગતા વાહન વ્યવહાર ખોરવાયો

વલસાડ : વલસાડ જિલ્લાને અડીને આવેલા કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજે એક ગંભીર અકસ્માત સર્જાયો છે. પતલીયાથી કલસર ચેકપોસ્ટ તરફ જતા રોડ પર કોલક નદીના બ્રિજ પર એક કારમાં અચાનક આગ લાગી હતી. આગની ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક દમણ પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. સુરક્ષાની દૃષ્ટિએ પોલીસે કોલક નદીના બ્રિજ પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દીધો છે. આ માર્ગ દમણથી વલસાડ તરફ જતો મુખ્ય માર્ગ છે. હાલ ફાયર વિભાગની ટીમ આગ પર કાબૂ મેળવવાની કામગીરી કરી રહી છે.

### વાલિયાના સોડગામમાં દીપડાનો વીડિયો વાઈરલ, વન વિભાગ પાસે પાંજરાની માંગ



ભરૂચ : વાલિયા તાલુકાના સોડગામ ગામની સીમમાં દીપડાની હાજરીએ સ્થાનિક ખેડૂતોમાં ભયનો માહોલ સર્જ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારમાં દિપડો વારંવાર દેખા દે છે. તાજેતરમાં ધર્મેન્દ્રસિંહ ચંદુભાઈ પ્રજાપતિના ખેતરમાં દીપડાના આંટાફેરા કરતો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થયો છે. આ પહેલા વાલિયા ગામની સીમમાં પણ દીપડાની હાજરી નોંધાઈ હતી. હવે સોડગામ વિસ્તારમાં પણ દીપડો જોવા મળતા ખેતમજૂરો અને ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. ખેડૂતો ખેતરમાં કામ કરવા જતા પણ ડર અનુભવે છે. સ્થાનિક લોકોએ વન વિભાગ પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. તેઓ દીપડાને પકડવા માટે પાંજરું મૂકવાની માંગણી કરી રહ્યા છે.

### વાલિયા તાલુકામાં વીજળી ત્રાટકી, સાબરીયા ગામમાં બે બળદના મોત

ભરૂચ : વાલિયા તાલુકાના સાબરીયા ગામમાં આકાશી વીજળીએ બે બળદનો ભોગ લીધો છે. પેટીયા ગામના ખેડૂત નિલેશ ગુમાન ચૌધરીના ખેતરમાં ઝાડ નીચે બાંધેલા બળદ પર વીજળી પડી હતી. ગતરોજ સાંજે વરસાદ સાથે પડેલી વીજળીના કારણે બંને બળદનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ખેડૂત નિલેશ ચૌધરીએ તલાટી કમ મંત્રી મારફતે વાલિયા તાલુકા વિકાસ અધિકારીને ઘટનાની જાણ કરી છે. તેમણે આર્થિક સહાયની માંગણી પણ કરી છે. બીજી તરફ, નેત્રંગ તાલુકાના લાલ મંટોડી હનુમાન ફળિયામાં રહેતી 15 વર્ષીય કિશોરી ઓમિકા ગણેશભાઈ વસાવા પશુઓને ચરાવવા ગઈ હતી. આ દરમિયાન તેના પર વીજળી પડતાં તે દાઝી ગઈ હતી. ઈજાગ્રસ્ત કિશોરીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

### અતુલ્ય બિલ્ડિંગની કેન્ટિનમાં જંબુસરના વિદ્યાર્થીનો ચમત્કારિક બચાવ

ભરૂચ : અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં 12 જૂનના રોજ સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં લંડન જતી ફ્લાઈટ AI171 અચાનક અતુલ્ય બિલ્ડિંગ પર તૂટી પડતાં અનેક નિર્દોષ લોકોના મોત નિપજ્યા છે. ત્યારે આ ઘટનામાં ભરૂચ જિલ્લાના જંબુસર નગરના મહાદેવનગર વિસ્તારમાં રહેતા અને હાલ એમ.બી.બી.એસ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધ્રુવ ગુજ્જરનો ચમત્કારિક રીતે જીવ બચાવ થયો છે. વિમાન દુર્ઘટના સમયે ધ્રુવ પણ અતુલ્ય બિલ્ડિંગની કેન્ટિનમાં જમવા માટે બેઠો હતો. એ વખતે એકધમ જોરદાર ધડાકો સાંભળાતા તેણે તરત જ પોતાની સજાગતા દાખવી અને ડાઈનિંગ ટેબલની નીચે છૂપાઈ ગયો હતો. તેની આ જ સજાગતાથી તેનો જીવ બચી ગયો હતો. ઘટનાના તરત પછી જ્યાં ધુમ્મસ ધુમાડો, ચીસો અને ગભરાટનો માહોલ હતો, ત્યાંથી ધ્રુવે મોકો મળતાંની સાથે બિલ્ડિંગની બારીમાંથી કૂદીને પોતાને સલામત સ્થળે પહોંચાડ્યો હતો. માત્ર પોતાનો બચાવ જ નહીં, પરંતુ ત્યારબાદ તેણે પોતાના મિત્રોના સહયોગથી કેટલાક ઘાયલોને પણ બહાર કાઢવામાં મદદ કરી હતી. ત્યારબાદ તે પોતાના વતન જંબુસર પહોંચી માતા-પિતા અને દાદા, દાદીના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા હતાં. હજુ પણ મન ભયભીત છેધ્રુવે ઘટનાને યાદ કરતા જણાવ્યું કે, "ઘટનાની ગંભીરતા કાલ્પનિક પણ ન હતી. હજુ પણ મન ભયભીત છે. જીવ બચ્યો તે ભગવાનની કૃપા છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ માટે હું ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવું છું અને ઘાયલ થયેલાઓ માટે પ્રાર્થના કરું છું."

---

આયોજનલક્ષી પાસાઓને ચકાસી સ્કીમનું આયોજન કરવા કમિશનરના માર્ગદર્શનમાં મીટીંગ યોજાઈ

# સુરત મનપા દ્વારા નગરરચના યોજનાની સમજ આપવા પબ્લીક મીટીંગનું આયોજન

**નગર રચના યોજના મોટાવરાછામાં કુલ 45 મી., 36 મી, 30 મી., 18 મી. અને 12 મી. પહોળાઈના રસ્તાઓ સૂચવવામાં આવ્યા**

• સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા મોટાવરાછા વિસ્તારમાં નગર રચના યોજના નં. 94 મોટાવરાછા બનાવાનો ઈરાદો નગર નિયોજન સમિતિના ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. સ્કીમ વિસ્તારમાં ટોપોગ્રાફિક સર્વે, રેવન્યુ રેકર્ડ, સિટી સર્વે / ડી.આઈ. એલ.આર.દ્વારા પ્રમાણિત કરવામાં આવેલા રેકર્ડ વગેરેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી હાઈટેન્સન લાઈન, ગેસ લાઈન, કેનાલ રોડ વગેરેનો અભ્યાસ કરી આયોજનલક્ષી પાસાઓને ચકાસી સ્કીમનું આયોજન કરવા કમિશનરના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.

સુરત મહાનગરપાલિકાના પૂર્વ સરથાણા ઝોન-બી વિસ્તારમાં સમાવિષ્ટ મોટાવરાછાની જમીનોને મંજૂર વિકાસ નકશા-2035 મુજબ રહેણાંક ઝોનમાં સ્થિત કરવામાં આવેલા છે. જે અતિ ઝડપથી વિકાસ પામી રહેલા વિસ્તાર છે. આ વિસ્તારનું સુવ્યવસ્થિત આયોજન કરી આયોજનબદ્ધ વિકાસ કરી શકાય તથા યોગ્ય રોડ નેટવર્કનું આયોજન કરી અસરકારક કનેક્ટિવિટી પુરી પાડી શકાય તથા રહીશોને વિવિધ માળખાકીય સુવિધાઓ પુરી પાડી શકાય તે હેતુસર ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ 1976 અને રૂલ્સ-1979ની જોગવાઈ મુજબ મોટાવરાછાના 119.51 હેક્ટર વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નગર રચના યોજના મોટાવરાછામાં કુલ 45 મી., 36 મી, 30 મી., 18 મી. અને 12 મી. પહોળાઈના રસ્તાઓ સૂચવવામાં આવ્યા છે. નગર રચના યોજના નં. 94 મોટાવરાછામાં પશ્ચિમ 36 મી. પહોળાઈનો ટી.પી.રોડ, ઉત્તરે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.84 (કોસાડ-ભરથાણા કોસાડ- મોટા વરાછા-અબ્રામા)માં સમાવિષ્ટ 90 મી. પહોળાઈના આઉટર રીંગ રોડને જોડશે તથા ઉત્તર-દક્ષિણે 45.00 મી. પહોળાઈનો દુઃખિયાના દરબાર તરફ જતો રસ્તો એક મહત્વનો લીંક રોડ બનશે, જેનાથી ભવિષ્યમાં થનાર વિકાસ અન્વયે ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે. નગર રચના યોજના તથા તેને લાગુ વિસ્તારમાં યોગ્ય કનેકટીવીટી મળી રહે તથા સુચારૂ વાહનવ્યવહાર જળવાય અને તમામ મુળખંડોને ટી.પી. રસ્તા પરથી એપ્રોચ મળે તે મુજબ વિવિધ પહોળાઈના રસ્તાઓનું/રોડ નેટવર્કનું આયોજન કરવામાં આવેલું છે.



---

દર્દીઓને સારવારમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો

## સિવિલમાં ડાયાલિસિસના 5 મશીન 15 દિવસથી બંધ

• સુરત

સુરત સિવિલ હોસ્પિટલમાં આવેલા 14 ડાયાલિસિસના મશીન પૈકી પાંચ છેલ્લા પખવાડિયાથી બંધ થઈ જતા દર્દીઓને સારવારમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અમદાવાદની IKDRC સંસ્થાના ઢીલા વલણને પગલે પખવાડિયા મશીન બંધ છે, જેની માઠી અસર દર્દીઓની સારવાર પર પડી રહી છે.

કિડનીની તકલીફ ધરાવતા દર્દીઓ માટે ડાયાલિસિસ એ મહત્ત્વની સારવાર હોય છે. નવી સિવિલ હોસ્પિટલની કિડની બિલ્ડિંગમાં આવેલ ચોથા માળે આવેલા ડાયાલિસિસ સેન્ટરમાં 14 ડાયલિસિસ મશીન છે. જેમાં બે મશીન HIV જેવા દર્દીઓ માટે રિઝર્વ મૂકવામાં આવ્યા છે, જ્યારે 12 મશીન અન્ય દર્દીઓ માટે છે. આ ડાયાલિસિસ સેન્ટરમાં પ્રતિદિન અંદાજિત 20થી વધુ ગરીબ સહિતના દર્દીઓ સારવાર કરાવવા માટે આવે છે. ડાયાલિસિસની સારવારમાં ઘણો સમય લાગે છે. આવા સંજોગો છેલ્લા પખવાડિયાથી પાંચ ડાયાલિસિસ મશીન બંધ થઈ ગયા છે. જેથી, આર્થિક રીતે નબળા દર્દીઓ ખાનગી સેન્ટરના ચાર્જ ચૂકવી શકે તેમ નથી. આવા જરૂરિયાતમંદ દર્દીઓ વહેલી સવારથી ડાયાલિસિસ માટે આવે છે પણ ધક્કા ખાવા પડે છે. આજે વહેલી સવારે કેટલાક દર્દીઓ ડાયાલિસિસ કરાવવા આવ્યા હતા.

## સુરતમાં સારોલી પોલીસે રૂપિયા 1.69 લાખના અફીણ સાથે આરોપીને ઝડપ્યો

• સુરત

સારોલી પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવી સીમાડા ચેકપોસ્ટ આગળથી એક આરોપીની ધરપકડ કરી હતી અને તેની પાસેથી લાખો રૂપિયાની કિંમતનું અફિણ સહિત અન્ય મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. જ્યારે અફીણ આપનાર આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, નો ડ્રગ્સ ઈન સુરત સીટીના અભિયાન અંતર્ગત ગેરકાયદેસર ડ્રગ્સ, ગાંજા અને ચરસની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડવા અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચના અન્વયે સારોલી પોલીસના સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાજર હતા. દરમિયાન એવી બાતમી મળી હતી કે, એક ઈસમ પોતાની પાસે ગેરકાયદેસર માદક પદાર્થ અફીણનો જથ્થો લઈ વલથાણ-પુણા કેનાલ રોડ સિમાડા ચેકપોસ્ટ તરફ આવનાર છે.

## સુરતમાં અસહ્ય ઉકળાટ બાદ કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ

બે-ત્રણ દિવસના બફારા બાદ ગરમીથી ત્રસ્ત લોકોને હાશકારો મળ્યો

• સુરત

સુરત શહેરમાં બપોર બાદ એકા એક જ વાતાવરણમાં પડતો આવ્યો હતો. બે વાગ્યા સુધી અસહ્ય ગરમીનો અનુભવ સુરતીલાલાઓ કરી રહ્યા હતા. બે-ત્રણ દિવસથી વધુ પડતા બફારાને કારણે સુરતીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. લોકો વરસાદની જોઈ રહ્યા હતા. ત્રણ વાગ્યા સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. આખેઆખો આકાશ કાળાઓથી ઘેરાઈ ગયા બાદ મુશળધાર વરસાદ સુરતના તમામ વિસ્તારોની અંદર ખાબક્યો હતો. ખાસ કરીને સુરતના અડાજણ વેસુ અઠવાલાઈન્સ સહિતના વિસ્તારમાં વરસાદ શરૂ થઈ ગયો હતો. સમગ્ર સુરત શહેરમાં એકસાથે વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ગાજવીજ અને પવન સાથે વરસાદ શરૂ થયો. સુરતીલાલાઓ છેલ્લા 7 જૂનથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા પરંતુ, નિર્ધારિત સમય કરતા એક સપ્તાહ મોડેથી વરસાદ શરૂ થયો છે. ચોમાસાની વિધિવત રીતે શરૂઆત આજે સુરત શહેરમાં જોવા મળે છે. ચોમાસાની શરૂઆતમાં જ ધમાકેદાર એન્ટ્રી સાથે વરસાદ શરૂ થઈ ગયો છે. મુશળધાર વરસાદની અસર ગણતરીની મિનિટોમાં જ જનજીવન ઉપર દેખાવાની શરૂ થઈ ગઈ હતી.



## સુરતના ઊન વિસ્તારમાંથી 19 શંકાસ્પદ બાંગ્લાદેશીઓ ઝડપાયા

મોટાભાગની મહિલાઓ, ડોક્યુમેન્ટની તપાસ હાથ ધરાઈ

• સુરત

સુરતમાં પોલીસ દ્વારા ફરી એક વાર શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ભેસ્તાન પોલીસ દ્વારા ઉન વિસ્તારમાંથી 19 જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં મોટાભાગની મહિલાઓ હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસ દ્વારા આ તમામ લોકોના દસ્તાવેજ સહિતની તપાસ કરવામાં આવી રહી છે. સુરતમાં ભેસ્તાન પોલીસ દ્વારા ઉન વિસ્તારમાં આવેલી બંગાળી બસ્તીમાંથી 19 જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ તમામ લોકો ગેરકાયદેસર રીતે અહીં વસવાટ કરી રહ્યા હતા. આ 19માં મોટાભાગની મહિલાઓ છે. આ સાથે બાળકો અને પુરુષોનો સમાવેશ થાય છે. મહિલાઓ દેહવ્યાપાર સાથે સંકળાયેલી હોવાની શક્યતા જોવાઈ રહી છે. જ્યારે પુરુષો લુમ્સ અને સંચા ખાતામાં કામ કરતા હોય તે પ્રકારની માહિતી હાલ મળી રહી છે.

ભેસ્તાન પોલીસ દ્વારા આ તમામ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેમના ડોક્યુમેન્ટ પણ તપાસ કરવામાં આવી રહ્યા છે. હજુ સુધી આ તમામ લોકોની તપાસમાં કોઈ ગુનાહિત ઈતિહાસ જાણવા મળ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ 20થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓને પકડી પાડવામાં આવ્યા છે જે અંગે સત્તાવાર આવતીકાલે જણાવવામાં આવશે.

**ભરૂચ પાલિકાના મોટર શેડમાં કચરાનો ઢગલો**

## સ્થાનિકોએ બેનર સાથે રામધૂન બોલાવી વિરોધ કર્યો, દુર્ગંધ અને મચ્છરોથી હાલાકી







• ભરૂચ

ભરૂચ શહેરના જે.બી. મોદી પાર્ક નજીક આવેલા નગરપાલિકાના મોટર શેડમાં ગેરકાયદેસર રીતે કચરો ઠલવાય છે. આ સ્થળ હવે ડમ્પિંગ સાઈટમાં ફેરવાઈ ગયું છે. આ કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. મહાવીર નગર, અંબિકા નગર અને અજંતા નગર સોસાયટીના રહીશોએ આજે આ સમસ્યા સામે વિરોધ નોંધાવ્યો. સ્થાનિકોએ રામધૂન બોલાવીને સાત્વિક રીતે પોતાનો રોષ વ્યક્ત કર્યો. રહેવાસીઓના જણાવ્યા મુજબ, આ મુદ્દે નગરપાલિકાને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

કોર્ટે મોટર ગેરેજ વિસ્તારમાં કચરો નાખવા પર પ્રતિબંધ મૂક્યો છે. આમ છતાં પાલિકા આ આદેશનું ઉલ્લંઘન કરી રહી છે. સ્થાનિકોએ તાકીદે ડમ્પિંગ સાઈટ હટાવવાની માંગ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો તંત્ર યોગ્ય પગલાં નહીં લે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

---

**ન્યૂઝ ફોકસ** *પરિવારજનોએ જણાવ્યું હતું કે, વરસાદના કારણે તાડપત્રી બાંધવાનો પ્રયાસ કરી રહેલા યુવકને વીજપોલના ફુલાભાઈ એરોના કારણે આ કરંટ લાગ્યો હતો. યુવક પરિવારનો એકનો એક કમાઉ દીકરો હતો, જેના કારણે પરિવારે હવે આર્થિક આધાર ગુમાવ્યો છે.*

# પહેલા જ વરસાદમાં સુરતના યુવકનું કરંટ લાગવાથી મોત

પરિવારે કહ્યું - વીજપોલના ખુલ્લા વાયરોના કારણે કમાઉ દીકરો ગુમાવ્યો

• સુરત

સુરતમાં ગત રાત્રે હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. આ દરમિયાન સચિન વિસ્તારમાં એક પાણીપુરીની લારીના સંચાલકનું કરંટ લાગવાના કારણે મોત નિપજ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું હતું કે, વરસાદના કારણે તાડપત્રી બાંધવાનો પ્રયાસ કરી રહેલા યુવકને વીજપોલના ફુલાભાઈ એરોના કારણે આ કરંટ લાગ્યો હતો. યુવક પરિવારનો એકનો એક કમાઉ દીકરો હતો, જેના કારણે પરિવારે હવે આર્થિક આધાર ગુમાવ્યો છે.

પાણીપુરીની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો

મળતી માહિતી પ્રમાણે મૂળ મધ્ય પ્રદેશ અને સુરતના જતીન વિસ્તારમાં આવેલા રામજી મંદિર પાસે નવા ફળિયામાં 20 વર્ષીય અભિષેક માતા પ્રસાદ કુશવાહા પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા બે ભાઈ અને એક બહેન છે. ભાઈ બહેનો નાના હોવાથી અને પિતાની અસ્થમાની બીમારી હોવાથી પરિવારની તમામ જવાબદારી અભિષેક પર આવી ગઈ હતી. અભિષેક પાણીપુરીની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો.

ગતરોજ સાંજે અભિષેક સચિનમાં ડી માર્ટ પાસે એક જગ્યા પર પાણીપુરીની લારી લગાવીને પાણીપુરી વેચી રહ્યો હતો. આ દરમિયાન સાંજના સમયે વરસાદના પગલે તાડપત્રી બાંધવાનો પ્રયાસ કરી રહ્યો હતો. લારીની બાજુમાં એક GEBનો થાંભલો આવેલો છે, જેમાં ખુલ્લા વાયરો હતા. જેના પગલે અચાનક જ અભિષેકને જોરદાર કરંટ લાગ્યો હતો. તેથી, તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા મૃત જાહેર કરાયો હતો.

સંજય દાસ (પિતરાઈ ભાઈ) એ જણાવ્યું હતું કે, મારા ભાઈ પાણીપુરીની લારી ચલાવતો હતો અને તે પરિવારનો એકનો એક કમાઉ દીકરો હતો. તેના બીજા નાના ભાઈ-બહેન છે. મારા ભાઈના મોતના પગલે પરિવારે આર્થિક આધાર ગુમાવી દીધો છે. ત્યાં સંપૂર્ણ બેદરકારી જોવા મળી હતી અને ખુલ્લા વાયરો હતા, જેના કારણે મારા ભાઈને કરંટ લાગ્યો અને મોત નીપજ્યું હતું.

પરિવારજનોએ જણાવ્યું હતું કે, વરસાદના કારણે તાડપત્રી બાંધવાનો પ્રયાસ કરી રહેલા યુવકને વીજપોલના ફુલાભાઈ એરોના કારણે આ કરંટ લાગ્યો હતો. યુવક પરિવારનો એકનો એક કમાઉ દીકરો હતો, જેના કારણે પરિવારે હવે આર્થિક આધાર ગુમાવ્યો છે.



### ફિલ્મ અલ્ફાના શૂટિંગમાં બંને અભિનેત્રી વ્યસ્ત

# આલિયા અને શરવરી વાઘ આગામી ફિલ્મમાં ડાન્સ સિકવન્સની જુગલબંધી કરશે




મુંબઈ : આલિયા ભટ્ટ અને શરવરી વાઘ યશરાજ ફિલ્મસની સ્પાઈ ફિલ્મ અલ્ફાના શૂટિંગમાં વ્યસ્ત છે. તેવામાં હાલના રિપોર્ટના અનુસાર, આ બન્ને અભિનેત્રીઓ ફિલ્મમાં સાથે એક આઈટમ સોન્ગ કરતી જોવા મળશે. જેની તૈયારી છેલ્લા બે મહિનાથી થઈ રહી છે. આલિયા અને શરવરી આ ગીતમાં એક અલગ જ લુકમાં જોવા મળશે. આ ફિલ્મને ૨૦૨૫ના નાતાલના દિવસોમાં રિલીઝ કરવાની યોજના છે. રિપોર્ટ અનુસાર, આ ફિલ્મમાં અનિલ કપૂર, બોબી દેઓલ સહાયક ભૂમિકામાં અને ઋતિક રોશન કેમિયો કરતા જોવા મળવાના છે. આ આઈટમ સોન્ગને ભવ્ય રીતે પેશ કરવામાં આવવાની તૈયારી થઈ રહી છે. બન્ને અભિનેત્રીઓ આ ગીત માટે સખત મહેનત કરી રહી છે અને પોતાની ફિટનેસ પર ધ્યાન આપી રહી છે. યશરાજ ફિલ્મસની સ્પાઈ યૂમિવર્સી શરૂઆત સલમાન ખાન અને કેટરિના કૈફ અભિનિત ટાઈગર સીરીઝથી થઈ હતી. આ પછી તેમાં ટાઈગર જિન્દા હૈ, વોર, પઠાન અને ટાઈગર ૩ રિલીઝ થઈ હતી.


### કાંતારાની શૂટિંગ દરમિયાન ફરી દુર્ઘટના

# ઋષભ શેટ્ટી સહિત 30 ક્રૂ મેમ્બર્સને લઈ જતી બોટ પલટી, જાનહાનિ ટળી

સાઉથ સુપર સ્ટાર ઋષભ શેટ્ટીની ફિલ્મ કાંતારા ચેપ્ટર 1ના મેકર્સ હાલમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન સતત કોઈને કોઈ દુર્ઘટના બનતી રહે છે. હાલમાં જ શૂટિંગ દરમિયાન જ એક્ટર કલાભવન નીજૂનું નિધન થયું છે. તો હવે ફિલ્મના શૂટિંગ દરમિયાન એક બોટ પલટી ખાઈ ગઈ હતી. જેમાં રિપોર્ટ પ્રમાણે 30 ક્રૂ મેમ્બર સવાર હતા.

આ દુર્ઘટના શિવમોગા જિલ્લાના મસ્તી કટ્ટે વિસ્તારમાં આવેલા મણિ જળાશયમાં બની હતી. જો કે પોલીસના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટનામાં તમામ લોકો સુરક્ષિત છે અને કોઈ પણ પ્રકારનું નુકસાન થયાના સમાચાર નથી.

કાંતારાની સફળતા બાદ ફિલ્મ ડાયરેક્ટર અને મુખ્ય એક્ટર ઋષભ શેટ્ટીએ આ ફિલ્મ બનાવવાની મંજૂરી લીધી હતી. પરંતુ મે મહિનામાંથી આ ફિલ્મના શૂટિંગ દરમિયાન કોઈને કોઈ





દુર્ઘટના બનતી જોવા મળી રહી છે. બોટ પલટી જવાની આ દુર્ઘટનામાં ભલે કોઈ વ્યક્તિને ઈજા નથી થઈ, પરંતુ આ દરમિયાન મોંઘા કેમેરા અને અન્ય મોંઘો સામાન પાણીમાં ડુબી ગયો છે. પોલીસે હાલમાં આ દુર્ઘટના અંગે વધુ તપાસ કરી રહી છે.

મીડિયા સાથે વાત કરતાં રામદાસ પુજારીએ કહ્યું કે, સાઉથ કન્નડની આત્માઓ પર ફિલ્મ બનાવવી હંમેશા જોખમી રહી છે. તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે, ત્યાંના આત્માઓ તેમની પ્રવૃત્તિઓનું વ્યાપારીકરણ કરવાનું પસંદ નથી કરતી. પરંતુ ઋષભ શેટ્ટીએ આ ફિલ્મનું શૂટિંગ કરતા પહેલા દેવતાની પૂજા પણ કરી હતી અને તેમણે આ ફિલ્મના શૂટિંગ માટે પરવાનગી પણ લીધી હતી.

# અલ્લૂઅર્જુનની આગામી ફિલ્મ શક્તિમાન હોવા પર અટકળ




મુંબઈ : અલ્લુ અર્જૂને હાલમાં જ મલાયલમ દિગ્દર્શક જોસેફ બેસલી સાથે ફિલ્મ સાઈન કરી છે. હવે આ ફિલ્મ માટે એવો દેવો કરવામાં આવી રહ્યો છે કે,અભિનેતા આ ફિલ્મમાં શક્તિમાનના રોલમાં જોવા મળવાનો છે. જોકે આ પહેલા શક્તિમાનની ભૂમિકા રણવીર સિંહ કરવાનો હતો. પરંતુ મુકેશ ખન્નાને રણવીર સિંહ આ રોલ માટે યોગ્ય નહોતો લાગ્યો અને એણે જ રણવીરના સ્થાને અલ્લુ અર્જુનને લેવાનું સૂચન કર્યું હતું. જોકે અલ્લુ અર્જૂન શક્તિમાનની ભૂમિકા કરવાનો તેવી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.તે એક સુપરહીરો ફિલ્મની તૈયારી કરી રહ્યો હોવાથી લોકોએ અટકળ બાંધી છે. એક વાતએવી પણ છે કે, અલ્લુ અર્જુન શક્તિમાન નહીં પરંતુ અન્ય એક સુપરહીરોની ભૂમિકાની તૈયારી કરી રહ્યો છે. અલ્લુ અર્જૂન શક્તિમાનનો રોલ કરવાનો હોવાનો રિપોર્ટ અને દાવો સાચો હશે કે નહીં તે તો સમય જ દાખવશે પરંતુ આ સમાચારથી અલ્લુ અર્જૂનના ચાહકો ગેલમાં આવી ગયા છે. તેમજ અભિનેતા જ આ રોલને યોગ્ય ન્યાય આપી શકવા સક્ષમ હોવાનું કહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, એકટર પહેલાથી સુપરહીરોના પાત્રને લઈને ચર્ચામાં છે. તેની સુપરહીરો ફિલ્મનું નિર્માણ સોની પિકચર્સ કરવાની તૈયારી કરી રહ્યા હોવાની ચર્ચા પણ હતી.

# અક્ષય કુમાર-પરેશ રાવલની ફિલ્મ રોકવા માટે રૂ.8 કરોડની લાંચ અપાઈ હતી? ડાયરેક્ટરે સ્પષ્ટતા કરી

### જો PK મારી ફિલ્મ પહેલા રિલીઝ થઈ હોત તો લોકો એમ જ વિચારતા હોત કે મારી ફિલ્મ PKની કોપી છે

ઉમેશ શુક્લાના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ ઓહ માય ગોડ (OMG)અને રાજકુમાર હિરાનીના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ પીકે (PK) ને હિન્દી સિનેમાની સફળ ફિલ્મોમાં ગણાય છે. જોકે, એ સમયે PKને લઈને ઘણો વિવાદ થયો હતો. ત્યારે આ ફિલ્મ પર ધાર્મિક લાગણીઓ દુભાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને આ ફિલ્મની તુલના અક્ષય કુમારની ફિલ્મ OMG સાથે પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, એવી પણ અફવાઓ ચલાવવામાં આવી હતી કે આમિર અને વિધુ વિનોદે OMGના દિગ્દર્શકને 8 કરોડ રૂપિયા લાંચ આપી હતી અને તેમની ફિલ્મની રિલીઝ અટકાવવા કહ્યું હતું. હવે હાલમાં જ ઉમેશે આ અંગે પોતાનું મૌન તોડ્યું છે.


રિપોર્ટ પ્રમાણે ડાયરેક્ટર ઉમેશ શુક્લાએ PK અને OMGના કોન્સેપ્ટ વિશે ખુલ્લેઆમ વાત કરી છે. ઉમેશે કહ્યું કે, મને લાગે છે કે તેમના એટલે કે વિધુ-રાજકુમારના મનમાં પણ આ જ વિચાર આવ્યો હશે. જો PK મારી ફિલ્મ પહેલા રિલીઝ થઈ હોત તો લોકો એમ જ વિચારતા હોત કે મારી ફિલ્મ PKની કોપી છે. ઉલ્લેખનીય છે કે, ઉમેશે




OMG ફિલ્મની વાર્તા લખી હતી. આ સ્ટોરી પર નાટકો બનતા હતા. જેને પીકેની ટીમે પણ જોયા હતા. આ અંગે ઉમેશે કહ્યું, 'રાજકુમાર, વિધુ અને લેખક અભિજાત જોશીએ મારું નાટક જોયું હતું. જ્યારે કોઈ એક જ વિષય પર કામ કરે છે, તો તેમાં સમાનતા જોવા મળવી તે સ્વાભાવિક છે. જો તમે કોઈ લવ સ્ટોરી પર ફિલ્મ બનાવી રહ્યા છો અને તેમાં કોઈને કોઈ તો કહે કે, 'આઈ લવ યુ'. કારણ કે તે એક લવ સ્ટોરી છે.'

ફિલ્મ ડાયરેક્ટર ઉમેશે એમ પણ કહ્યું કે, એ સમયે એવી પણ અફવાઓ ચાલી હતી કે વિધુ વિનોદ ચોપરાએ મને 8 કરોડ રૂપિયા આપ્યા હતા, જેથી હું ફિલ્મ OMG ન બનાવું. પરંતુ આ બધી માત્ર એક અફવા હતી. હકીકતમાં આવું કંઈ થયું જ નહોતું. વિધુ-રાજકુમાર-આમિર દરેક ટેલેન્ટેડ લોકો છે. તેઓ ક્યારેય એવા કામ કરતા નથી કે તેઓ કોઈને પૈસા આપીને ફિલ્મ બંધ કરાવી દે. ખરેખર આવું કંઈ બન્યું જ નહોતું.હકીકતમાં અક્ષય કુમાર અને પરેશ રાવલની ફિલ્મ OMGમાં નાસ્તિક વ્યક્તિ તરીકેની ભૂમિકા ભજવી હતી.

# સોનમ બાજવા બોર્ડર ટુમાં મુખ્ય હિરોઈન તરીકે જોવા મળશે



મુંબઈ : બોર્ડર ટુમાં સીન દેઓલ, દિલજીત દોસાંઝ અને વરુણ ધવનની ત્રિપુટી જોવા મળવાની છે. જ્યારે આ ફિલ્મ માટે એક અભિનેત્રી સોનમ બાજવાની પસંદગી થઈ ગઈ છે. જે જુન મહિનાથી લઈને શૂટિંગના અંત સુધી જોવા મળશે. રિપોર્ટસના અનુસાર, તે ફિલ્મમાં પંજાબની એક મજબૂત યુવતીનો રોલ નિભાવતી જોવા મળશે.સોનમ જોડી દિલજીત દોસાંઝ સાથે બનવાની હોવાનો એક રિપોર્ટમાં દાવો કરવામાંઆવ્યો છે. હજી બે અભિનેત્રીઓની પસંદગી બાકી હોવાનું કહેવાઈ રહ્યું છે. બોર્ડર ટુમાં મૂળ ફિલ્મનું ગીત સંદેશે આતે હૈને ફરી લેવામાં આવ્યું છે.આ ગીત આ ફિલ્મનું મુખ્ય કેન્દ્ર હોવાનું કહેવાય છે. જેના રાઈટસનિર્માતાએ અઢળક કિંમતઆપીને ખરીદ્યા છે. બોર્ડર ટુની રિલીઝ આવતા વરસના ૨૩ જાન્યુઆરીના રિલીઝ કરવામાં આવશે. ફિલ્મની વાર્તા ૧૯૭૧માં ઈન્ડિયા-પાકિસ્તાનની વોરની પુષ્ઠભૂમિ પર આધારિત છે.

### બીજા દિવસે ભારતના 459 રનના જવાબમાં ઈન્ડિયા-A એ 299/6 સ્કોર બનાવ્યો

# ઈન્ટ્રા સ્કવૉડ વૉર્મ અપ મેચ : સરફરાઝ ખાને સદી ફટકારી, બુમરાહને વિકેટ ન મળી

સરફરાઝ ખાને ઈંગ્લેન્ડમાં પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખતા શનિવારે બેકનહામમાં ચાલી રહેલી ઈન્ટ્રા-સ્કવૉડ વૉર્મ-અપ મેચના બીજા દિવસે મુખ્ય ભારતીય ટેસ્ટ ટીમ સામે ભારત A માટે શાનદાર સદી ફટકારી. 27 વર્ષીય આ ખેલાડીએ 76 બોલમાં 101 રનની શાનદાર ઈનિંગ રમી, જ્યારે જસપ્રીત બુમરાહને તેના સાત ઓવરના સ્પેલમાં એક પણ વિકેટ ન મળી. એક અહેવાલ પ્રમાણે ઈન્ડિયા 'A'એ બીજા દિવસે ભારતના 459 રનના જવાબમાં બોર્ડ પર 299/6 નો સ્કોર બનાવ્યો, જેમાં ઈશાન કિશન 45 અને શાર્દુલ ઠાકુર 19 રન બનાવીને અણનમ રહ્યો હતો. જ્યારે સરફરાઝ ખાને પોતાની વિસ્ફોટક સદીમાં 15 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. અંતે તેને રિટાયર્ડ આઉટ કરવામાં આવ્યો જેથી અન્ય ખેલાડીઓને તક મળી શકે.

સરફરાઝની તાજેતરની સદીએ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તેની વધતી જતી પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે, આ સાથે જ તેણે 20 જૂનથી શરૂ થનારી 5 મેચની સીરિઝમાં સામેલ હોવા માટે દાવો ઠોક્યો છે. આ પહેલા, તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામેની એક બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં 92 રન બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે, સરફરાઝનું નામ ટીમ ઈન્ડિયાની મુખ્ય ટીમમાં સામેલ કરાયું નથી.

ઈન્ડિયા 'A' ની ઈનિંગની શરૂઆત સારી નહોતી. ઓપનર ઋતુરાજ ગાયકવાડ માત્ર બે રન બનાવીને આઉટ થયો. મોહમ્મદ સિરાજે તેને પોતાના નવા બોલ




પર શિકાર બનાવ્યો અને ઋષભ પંતે વિકેટ પાછળ શાનદાર કેચ પકડ્યો. જોકે, અભિમન્યુ ઈશ્વરન (39) અને સાઈ સુદર્શન (38) - જેઓ આગામી ટેસ્ટ ટીમનો ભાગ છે, તેમણે ટીમ માટે સારો સ્કોર કરી સ્થિતિને મજબૂત કરવા પ્રયાસ કર્યા.

ભારતીય બોલરોમાં સિરાજ (2/86) અને પ્રસિદ્ધ કૃષ્ણા (2/41) એ 2-2 વિકેટ લઈને શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે નીતિશ કુમાર રેડ્ડીને એક વિકેટ મળી. જોકે, ભારતનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહ્યો, તેણે પોતાની સાત ઓવરમાં 36 રન આપ્યા અને એક પણ વિકેટ ન લીધી. અર્શદીપ સિંહ (12 ઓવરમાં 0/52) પણ વિકેટ લીધા વિના ખાલી હાથે પાછો ફર્યો.

# ગાંગુલીએ ગિલને આપી મહત્ત્વની સલાહ, ઈંગ્લેન્ડના બોલર્સને હંફાવવામાં મદદ કરશે

શુભમન ગિલના નેતૃત્વવાળી ભારતીય ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 20 જૂનથી ટેસ્ટ મેચો શરુ થશે. સીરિઝ પહેલા પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ભારતના નવા ટેસ્ટ કેપ્ટન તરીકે પહેલો કાર્યભાર સંભાળે તે પહેલા ગિલને પોતાની બેટિંગમાં સુધારો કરી શકે તેના વિશે મહત્ત્વની સલાહ આપી હતી, જેથી કરીને ઈંગ્લેન્ડના બોલર્સને હંફાવવામાં મદદ મળી શકે.

રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ લીધા બાદ તેમની વિરાસતને આગળ વધારવાની જવાબદારી શુભમન ગિલને સોપવામાં આવી છે. ગાંગુલીએ કહ્યું કે ગિલ ટેસ્ટ મેચની બેટિંગ પર કામ શકે છે, કારણ કે, તે ટોપનો બેટર છે. પૂર્વ ભારતીય કેપ્ટને કહ્યું કે, ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તમને માત્ર લાઈનમાં હિટ કરવાની મંજૂરી આપતાં નથી. ગાંગુલીના કહેવા પ્રમાણે ગિલને મુશ્કેલ સમયમાં બેટિંગ માટે આવવું પડી શકે છે અને ફરી તેને અલગ રીતે રમવું પડી શકે છે.

ગાંગુલીએ એક વાતચીતમાં કહ્યું કે, 'શુભમન ગિલને શુભકામનાઓ. મને ખાતરી છે કે તે પોતાની ટેસ્ટ મેચની બેટિંગ પર કામ કરી શકશે, તે એક ટોપનો બેટર છે. આ એવી પરિસ્થિતિઓ નથી, જ્યાં તમે માત્ર લાઈન દ્વારા હિટ કરો છો, બોલ સીમ કરશે, સ્વિંગ થશે, નવો બોલ અલગ હશે. આ ઉપરાંત એવો પણ સમય આવી શકે છે, કે જ્યારે ભારતનો સ્કોર 10/2 હોય અને તમારે આવીને નવા બોલનો સામનો કરવો પડે. આવી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ અલગ રીતે કરવો પડશે.'




### 20 જૂનથી ભારતની WTC-2025-27ની સફર શરૂ થશે

# WTC 2025-27નો કાર્યક્રમ જાહેર, ટીમ ઈન્ડિયા કુલ 18 ટેસ્ટ મેચ રમશે

સાઉથ આફ્રિકાએ ગઈકાલે (14 જૂન) ક્રિકેટના ઈતિહાસમાં મેજર અપસેટ સર્જી ડિફેન્ડિંગ ચમ્પિયન ઓસ્ટ્રેલિયાને ફાઈનલમાં પાંચ વિકેટથી હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. ત્યારે આ જીતના એક દિવસ બાદ એટલે કે આજે (15 જૂન) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27માં કુલ 9 ટીમો વચ્ચે કુલ 71 મેચો રમાશે. આ ટુર્નામેન્ટની શરૂઆત 17 જૂનથી શ્રીલંકા-બાંગ્લાદેશ વચ્ચેની મેચથી શરૂ થશે. આ મેચ શ્રીલંકના ગૉલ સ્ટેડિયમમાં રમાવાની છે. શેડ્યૂલ મુજબ ઓસ્ટ્રેલિયા સૌથી વધુ 22 મેચો અને ઈંગ્લેન્ડ 21 મેચો રમશે. બંને ટીમો આ વર્ષના અંતે એશિઝ સિરીઝમાં સામસામે ટકરાશે. જ્યારે ભારતીય ટીમની 20 જૂનથી WTC-2025-27ની સફર શરૂ થશે અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ લીડ્સ સ્ટેડિયમમાં પ્રથમ ટેસ્ટ મેચ રમશે.ભારતીય ટીમ સુકાની શુભમન ગિલની આગેવાની




હેઠળ ટુર્નામેન્ટમાં કુલ 18 મેચ રમશે. ટીમ ઈન્ડિયની ડબલ્યુટીસીની સફર 20 જૂનથી ઈંગ્લેન્ડ વિરુદ્ધ શરૂ થશે અને આ દરમિયાન કુલ પાંચ ટેસ્ટ મેચ રમાશે. ત્યારબાદ ભારત વેસ્ટ ઈન્ડિઝ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ હોમગ્રાઉન્ડમાં ટેસ્ટ સિરીઝ રમશે. પછી શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડના પ્રવાસે જઈ બંને ટીમો સાથે ટેસ્ટ મેચ રમશે.

ભારતીય ટીમ આ ટીમો સામે રમશે મેચ : ઈંગ્લેન્ડ : 5 મેચ, વેસ્ટ ઈન્ડિઝ : 2 મેચ, દક્ષિણ આફ્રિકા : 2 મેચ, ઓસ્ટ્રેલિયા : 5 મેચ, શ્રીલંકા : 2 મેચ, ન્યૂઝીલેન્ડ : 2 મેચ.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-25માં સાઉથ આફ્રિકા ચેમ્પિયન બની ગયું છે. આ ટુર્નામેન્ટમાં ભારત ત્રીજા સ્થાને રહ્યું હતું. જોકે આ વખતે ટીમ ઈન્ડિયાની મોટાભાગની મેચો હોમગ્રાઉન્ડમાં જ રમાવાની છે, તેથી ભારત જીતવાનો ભરપૂર પ્રયાસ કરશે. આ વખતે ઓસ્ટ્રેલિયા ભારત આવવાની છે, તેથી પાંચ ટેસ્ટ મેચની સિરીઝમાં ભારતને ગત હારનો બદલો લેવની તક છે.આ વખતની WTC ટુર્નામેન્ટમાં માત્ર ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમ ટીમ ઈન્ડિયાથી વધુ 5-5 ટેસ્ટ મેચ રમશે. ઓસ્ટ્રેલિયા કુલ 22, ઈંગ્લેન્ડ કુલ 21, ભારત 18, ન્યૂઝીલેન્ડ 16, વેસ્ટ ઈન્ડિઝ 14, સાઉથ આફ્રિકા 14, પાકિસ્તાન 13, શ્રીલંકા 12 અને બાંગ્લાદેશ 12 ટેસ્ટ મેચ રમશે.

## સંક્ષિપ્ત સમાચાર

### આણંદમાંથી 15 વર્ષીય સગીરા ગુમ થયાની ફરિયાદ નોંધાઈ

આણંદ : આણંદ પાસેના એક ગામમાં રહેતી 15 વર્ષીય સગીરા તેના ઘરેથી ગત 31મી મેના રોજ નીકળી ગઈ હતી. જોકે, મજૂરીકામે ગયેલી તેની માતા પરત આવતા સમગ્ર ઘટના અંગે જાણ થઈ હતી. જેને પગલે તેમણે આ મામલે આસપાસમાં તપાસ હાથ ધરી હતી. નોંધનીય છે કે, સગીરાને અગાઉ એક યુવક સાથે પ્રેમસંબંધ હતો. માતાએ આ અંગે તપાસ કરતા તે યુવક પણ ઘરે મળી આવ્યો હતો. જેને પગલે પરિવાર ચિંતામાં મુકાયો હતો. તેણી ક્યાં ગઈ હશે તેની ચિંતા વિધવા માતાને કોરી ખાતી હતી. જોકે, સમાજમાં નામ બગડશે એમ લાગતા તેમણે અત્યાર સુધી ફરિયાદ નોંધાવી નહોતી. પરંતુ 13 દિવસ સુધી તેનો કોઈ પતો ન મળી આવતા આખરે તેના ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

### વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા પંચમહાલ જિલ્લા કોંગ્રેસે ગોધરામાં કેન્ડલ માર્ચ યોજી




ગોધરા : અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ અને યુવા કોંગ્રેસે ગોધરામાં કેન્ડલ માર્ચનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો અને મહિલાઓએ હાજરી આપી. અમદાવાદથી લંડનના ગેટવિક જતા એર ઈન્ડિયાના વિમાને ટેક-ઓફના માત્ર પાંચ મિનિટમાં મેઘાણી વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં વિમાનના પ્રવાસીઓ, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને રાહદારીઓ સહિત અનેક લોકોએ જીવ ગુમાવ્યા. ગોધરાના ગાંધી ચોક ચર્ચ પાસે યુથ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ મીકી જોસેફના નેતૃત્વમાં કોંગ્રેસ કાર્યકરો એકત્ર થયા. તેમણે મૌન પાળી મીણબત્તી પ્રગટાવી મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ, કોંગ્રેસ આગેવાન અજિતસિંહ ભાટી સહિત અન્ય હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### ગોધરામાં ગેરકાયદે ગેસ રિફિલિંગનો પર્દાફાશ, 9 સિલિન્ડર સાથે એક શખ્સની ધરપકડ

ગોધરા : ગોધરા શહેરના બહારપુરા વિસ્તારમાં એ ડિવિઝન પોલીસે ગેરકાયદેસર ગેસ રિફિલિંગનો ભાંડો ફોડ્યો છે. સિંધી ધર્મશાળા પાછળ આવેલા એક રહેણાંક મકાનમાંથી પોલીસે ગેસ રિફિલિંગની પ્રવૃત્તિ ઝડપી પાડી છે. પોલીસને મળેલી બાતમીના આધારે છાપો મારવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન મકાનમાંથી 9 એલપીજી ગેસ સિલિન્ડર, એક વજનકાંટો અને ગેસ રિફિલિંગ માટેની વાલ્વવાળી પાઈપ મળી આવી હતી. આ પ્રવૃત્તિ ચલાવનાર ભાવિન કિશોરભાઈ નાથાણી પાસે ગેસ રિફિલિંગનો કોઈ કાયદેસર પરવાનો નથી. એક સિલિન્ડરમાંથી બીજા સિલિન્ડરમાં જ્વલનશીલ પદાર્થનું ટ્રાન્સફર કરીને આરોપીએ પોતાની અને લોકોના જીવન સાથે ચેડાં કર્યા હતા. પોલીસે કુલ રૂ.17,400ના મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી છે. આ મામલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

### ગોધરામાં બે વ્યક્તિઓને કેસ પાછો ખેંચવા ધમકી અપાઈ, પોલીસ ફરિયાદ દાખલ

ગોધરા : ગોધરા કલેક્ટર કચેરીમાં જમીન વિવાદનો એક કિસ્સો સામે આવ્યો છે. નિસાર એહમદ અબ્દુલરઉફ ઝભાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોન કોગ્નીઝેબલ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, દરૂણિયા પાસેની સર્વે નંબર 661/26 અને 661/27/1ની જમીનનો કેસ કલેક્ટર કચેરીમાં ચાલી રહ્યો છે. 9 જૂનના રોજ નિસાર તેમના કાકાના દીકરા સુલેમાન ઈશાક ઝભા સાથે કેસની મુદત માટે કચેરીએ ગયા હતા. આ દરમિયાન ઐયુબ એહમદ કલંદર અને યાકુબ ઈશાક કલંદર નામના બે વ્યક્તિઓએ ત્યાં આવીને તેમને ખોટો કેસ પાછો ખેંચી લેવા દબાણ કર્યું. આરોપીઓએ કેસ પાછો ન ખેંચવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી અને અપશબ્દો બોલ્યા. 14 જૂનના રોજ નિસાર ઝભાએ બંને આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

### ABVPનું સદસ્યતા અભિયાન શરૂ: ગોધરામાં 30 કાર્યકર્તાઓની બેઠક



ગોધરા : ગોધરા શહેરના સંઘ કાર્યાલય માધવકુંજમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આ બેઠકનો મુખ્ય એજન્ડા સંગઠનનું સદસ્યતા અભિયાન હતો. બેઠકમાં પંચમહાલ જિલ્લાના વિવિધ નગરોમાંથી 30 જેટલા કાર્યકર્તાઓએ ભાગ લીધો. સંગઠનના હોદ્દેદારોએ સદસ્યતા અભિયાનની વિસ્તૃત રૂપરેખા રજૂ કરી. સાથે જ આગામી સમયમાં યોજાનારા કાર્યક્રમો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બેઠકમાં ABVP ના કાર્યકર્તાઓએ સક્રિય ભાગ લીધો અને સંગઠનને મજબૂત બનાવવા માટે વિચાર-વિમર્શ કર્યો.

અમદાવાદ પ્લેન ક્રેશ ઘટના : વડોદરાના 28 હતભાગી પ્રવાસી પૈકી 6 પાર્થિવ દેહની ઓળખ થઈ

# વડોદરાના 6 હતભાગી પ્રવાસીઓના નશ્વર દેહ પરિજનોને સોંપાયા

## તંત્રના નિયુક્ત અધિકારીઓ પાર્થિવ દેહની સોંપણીથી અંતિમ સંસ્કાર પૂર્ણ થવા સુધી મૃતકોના પરિજનોની સાથે સહાનુભૂતિપૂર્વક ખડેપગે રહ્યા

• વડોદરા

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના પરિજનોના DNA સેમ્પલ મેચ થયા બાદ નશ્વર દેહને સોંપવાની કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટનામાં વડોદરાના 28 હતભાગી યાત્રિકો પૈકી 6 પાર્થિવ દેહની ઓળખ થતા આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ તંત્ર તરફથી તેમના પરિજનોને સોંપવામાં આવ્યા હતા. DNA સેમ્પલિંગની પ્રક્રિયાથી લઈને પાર્થિવ દેહ સોંપવાની અને અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ ક્રિયાઓમાં જિલ્લા વહીવટી તંત્રના નિયુક્ત અધિકારીઓ મૃતકોના પરિજનો સાથે સહાનુભૂતિપૂર્વક ઊભા રહ્યા હતા.

DNA સેમ્પલ મેચ થતા જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી આજ સુધી વડોદરાના 6 હતભાગી પ્રવાસીના સ્વજનોને ફોન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે નિયુક્ત અધિકારીઓ મૃતકના સ્વજનો સાથે મૃતદેહ લેવા માટે ગયા હતા. આ દરમિયાન પ્રત્યેક પાર્થિવ દેહને લાવવા માટે 108 એમ્બ્યુલન્સ, પોલીસની બે ગાડી તેમજ મૃતકના સ્વજનો માટે એક અલાયદી



ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્થિવ દેહની સાથે જ મૃતકના સ્વજનને પોસ્ટમોર્ટમ રિપોર્ટ, મૃત્યુપ્રમાણપત્ર તેમજ અન્ય કાયદાકીય કાર્યવાહી માટેના જરૂરી તમામ દસ્તાવેજો એક ફાઈલમાં તૈયાર કરીને હોસ્પિટલ તંત્ર દ્વારા સુપરત કરવામાં આવ્યા હતા.આ દુઃખદ સમયે રાજ્ય સરકાર મૃતકોના પરિવારોની સાથે છે અને શક્ય તમામ મદદ કરવા માટે કટિબદ્ધ છે. ત્યારે મૃતકોના પરિજનોએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થા અને સંવેદના પ્રત્યે સંતોષભાવ વ્યક્ત કર્યો હતો. મૃતદેહોની ઓળખ થયેથી પાર્થિવ દેહને સ્વ-ગૃહે પરત લાવવાની અને ત્યારબાદ અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધી કરવામાં આવેલી સંવેદનશીલ વ્યવસ્થાથી મૃતકોના સ્વજનોને થોડી પણ તકલીફ ન પડે તેનું તંત્ર દ્વારા વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું,અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વડોદરાના પ્રવાસીઓના પરિજનોના સંપર્કથી લઈને પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ સંપૂર્ણ વ્યવસ્થા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 21 લાયઝન અધિકારીઓ અને 22 તબીબી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સ્વ. કલ્પનાબેન, સ્વ. અંજુબેન, સ્વ. અલ્સીન બેન અને સ્વ. નરેન્દ્રભાઈ તથા સ્વ. ઉષાબેનના દેહ તેમના પરિવારને સોંપાયા છે. સ્વ. વલ્લભભાઈ અઘેરાની ઓળખ થઈ ગઈ છે પણ તેમના પત્નીની બાકી છે. સાંસરોદ ના પરિવાર સાથે જોડાયેલા સ્વ. અલ્તફભાઈનો મૃતદેહ લઈ તેમના પરિવારજનો ભરૂચ ગયા છે. લાવનિયા દંપતીના DNA મેચ થઈ જતા તેઓ કાલ સોમવાર સવારે દેહ સ્વીકારી અંતિમવિધિ કરશે. આમ કુલ 9 વ્યક્તિની ઓળખ સ્થાપિત થઈ ગઈ છે, તેમાંથી 6 દેહ સોંપાયા છે.

દીકરાને મળવા લંડન જતા હતા અને પ્લેન ક્રેશમાં મોત થયું

### કફનમાં લપેટાયેલો કલ્પનાબેનનો મૃતદેહ જોઈ પરિવાર હિબકે ચડ્યો



વડોદરા : અમદાવાદમાં 12 જૂનના બપોરે 1.38 વાગ્યે બનેલી પ્લેન ક્રેશ દુઘર્ટનામાં મૃત્યુ પામેલા કલ્પનાબેન પ્રજાપતિના મૃતદેહને આજે વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા તેમના ધનલક્ષ્મી કોમ્પ્લેક્સ સ્થિત તેમના ઘરે લાવવામાં આવ્યો હતો. અહીં મૃતદેહ આવતાં જ પ્રજાપતિ પરિવાર હિબકે ચડ્યો હતો. કલ્પનાબેનના સાસુ ચૌધાર આસુંએ રડી રહ્યાં હતા અને કહી રહ્યાં હતા કે, 'તું કેમ જતી રહી મારા રાજુને એકલા મુકીને, તારા વગર મારો રાજુ કેવી રીતે જીવશે, તુ પાછી આવી જા'.અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો મોટી પડ્યા હતા. ધનલક્ષ્મી કોમ્પ્લેક્સથી માંજલપુર સ્મશાન સુધી તેમની અંતિમયાત્રા નીકળી હતી અને માંજલપુર સ્મશાનમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### વડોદરામાં 17 જુને મહિલાઓ માટે વિશેષ એપ્રેન્ટીસ અને રોજગાર મેળો

• વડોદરા

મોડેલ કરીઅર સેન્ટર, મદદનીશ નિયામક રોજગાર કચેરી વડોદરા અને રીલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ , ફેસ ટુ ફેસ ચેનલ વડોદરા 2 શાખાના સંયુકત ઉપક્રમે તારીખ 17 જૂન, 2025 મંગળવારના રોજ સવારે 10 કલાકે 302-એટલાન્ટીસ હાઈટ્સ, સારાભાઈ કંપાઉન્ડ, ગેંડા સર્કલ,વડોદરા ખાતે 21થી 45 વર્ષની મહિલા ઉમેદવારો માટે વીમા ક્ષેત્ર માટે એપ્રેન્ટીસ અને રોજગાર મેળાનું આયોજન કરવામા આવ્યું છે.21થી 30 વર્ષની સ્નાતક મહિલાઓને ભારત સરકારની એપ્રેન્ટિસ યોજના હેઠળ એપ્રેન્ટીસ તરીકે જોડાવા તેમજ 30થી 45 વર્ષની મહિલા સ્નાતકને વીમા ક્ષેત્રમાં રોજગારી માટે તક આપવામા આવશે .ભરતી મેળામા કુલ 50 જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. આ માટે ગ્રેજ્યુએટ મહિલા ઉમેદવારો કે જેમની ઉંમર 21થી 45 વર્ષની વચ્ચે હોય તેઓને રીઝયુમ સાથે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામા આવે છે.

વિરાટ કોહલી 15 વર્ષ પછી વડોદરામાં રમતો જોવા મળશે

### 2026માં કોટંબી ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે વન-ડે રમાશે

• વડોદરા

આજથી 15 વર્ષ પહેલા 4 ડિસેમ્બર 2010ના રોજ ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે વડોદરાના રિલાયન્સ ક્રિકેટ સ્ટેડિયમમાં વનડે મેચ રમાઈ હતી. હવે 15 વર્ષ બાદ ફરી ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે વન-ડે મેચ રમવા જઈ રહી છે, જેની BCCIએ સત્તાવાર જાહેરાત કરી છે. 11 જાન્યુઆરી-2026ના રોજ વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વનડે મેચ રમાશે. આમ વડોદરામાં મેન્સ ઈન્ટરનેશનલ મેચનો 15 વર્ષનો દુષ્કાળ પૂરો થશે અને વડોદરાના ક્રિકેટ રસીકોને મેન્સ ઈન્ટરનેશનલ મેચ જોવા માટે વડોદરાની બહાર નહીં જવું પડે. આ ઉપરાંત વિરાટ કોહલી 15 વર્ષ પછી વડોદરામાં ફરીથી



રમતા જોવા મળશે. વડોદરામાં 2010માં રમાયેલી છેલ્લી વન-ડેમાં મેચમાં વિરાટ કોહલી રમ્યો હતો. કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ડિસેમ્બર 2024માં ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે ત્રણ મહિલા ઈન્ટરનેશનલ વનડે મેચ તેમજ 2025 મહિલા પ્રીમિયર લીગ (WPL) દરમિયાન 6 મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માસ્ટર લીગમાં સચિન તેંડુલકર સહિતના દિગ્ગજ ક્રિકેટરો પણ કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમ્યા હતા. છેલ્લે 4 ડિસેમ્બર 2010માં વડોદરા શહેરના રિલાયન્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી મેન્સ ઈન્ટરનેશનલ વન ડે મેચમાં ભારતના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સદી ફટકારી હતી અને મેન ઓફ ધ મેચ બન્યા હતા.

### બોરસદ તાલુકાના દેદરડામાં તસ્કરો રૂા. 1.33 લાખની ચોરી કરી ફરાર

• આણંદ

બોરસદ તાલુકાના દેદરડામાં સ્લાઈડર બારી ખસેડી, દરવાજાની સ્ટોપર ખેંચી ઘરમાંથી રૂપિયા 1.33 લાખની મતાની ચોરી કરી હતી. સમગ્ર ગુનામાં કોઈ જાણભેદુ હોવાની શંકા પ્રબળ છે. બોરસદ ગ્રામ્ય પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દેદરડા ગામ સ્થિત ઓમ બંગ્લોઝમાં મૂળ રાજસ્થાનના ઝાલોરના વતની ચંપકકુમાર પદમારામ સુથાર રહે છે. ગત 10મી જૂનના રોજ તેઓ પરિવાર તથા સાઢુ કાંતીલાલ અને સાળી જયાબેન સાથે ઉજ્જૈન મહાકાલેશ્વર મંદિરે દર્શન કરવા માટે નીકળ્યાં હતાં અને ત્યાં એક દિવસ રાત્રિ રોકાણ કરી બીજા દિવસે ઘરે પરત આવવા માટે નીકળ્યાં હતાં. રાત્રિના દોઢેક વાગ્યાના સમયે તેઓ ઘરે બોરસદ આવ્યા ત્યારે ઘરનું લોક ખોલી અંદર પ્રવેશતાં જ પાછળનો દરવાજો ખુલ્લો જોતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે ઘરમાં તપાસ કરતા ઘરમાંનો સામાન વેર વિખેર પડેલો હતો તેમજ ઉપરના માળે બેડરૂમમાં તિજોરી ખુલ્લી હાલતમાં હતી.

અજાણ્યા શખસોએ ઘરના પાછળની સ્લાઈડર બારી ખસેડી પોતું મારવાની લાકડીના દંડાની આગળ સાવરણી બાંધી તેનું આંકડીયું ભરાવી પાછળના બંધ દરવાજાની સ્ટોપર ખેંચી નાંખી હતી. મકાનમાલિકે ઘરમાં તપાસ કરતા તસ્કરોએ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 2500 મળી કુલ રૂપિયા 1.33 લાખની મતાની ચોરી કરી હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે તેમની ફરિયાદના આધારે પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ લઈ ચોરીનું પગેરૂ શોધવાની કવાયત હાથ ધરી છે. નોંધનીય છે કે, આણંદ જિલ્લામાં પોલીસની નિષ્ક્રિયતાને પગલે છેલ્લાં ત્રણ દિવસથી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. આણંદ શહેરમાં બે સ્થળોએ નિશાન બનાવ્યા બાદ બોરસદના દેદરડામાં બંધ ઘરને નિશાન બનાવ્યું હતું.

પ્રેમજાળમાં ફસાવી સગીરા પર દુષ્કર્મ ગુજાર્યાનો આક્ષેપ, પોલીસે આરોપીની ધરપકડ કરી

### ગોરવા વિસ્તારમાં રહેતા યુવકે ત્રણથી સગીરા પર દુષ્કર્મ આચરતા ફરિયાદ

• વડોદરા

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય યુવકે 16 વર્ષીય સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. ગોરવા પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી છે અને સગીરાનુ મેડિકલ કરવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય યુવક કૌશિક ગરાસિયા 16 વર્ષીય સગીરાના ઘર પાસે વોટર પ્રૂફિંગનું કામ કરવા માટે ગયો હતો ત્યારે તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તે અવારનવાર



સગીરાને મળવા માટે જતો હતો. આ દરમિયાન બંનેએ એકબીજાના મોબાઈલ નંબર પણ લઈ લીધા હતા. સગીરા યુવક સાથે ફોન કરી વાતો કરતી હતી. આ દરમિયાન યુવકે સગીરાને ત્રણથી ચાર વખત ગોરવા વિસ્તારમાં એકાંત જગ્યા પર મળવા માટે બોલાવી હતી અને ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું.

14 જૂનના રોજ કૌશિક ગરાસીયાએ સગીરાને મળવા માટે બોલાવી હતી અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન સગીરાને ઘરે પહોંચવામાં મોડું થઈ ગયું હતું, જેથી તેના પરિવારના સભ્યોએ સગીરાની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાતે સગીરા મળી આવતા પરિવારના સભ્યોએ તેની પૂછપરછ કરી હતી ત્યારે સગીરાએ કૌશિક ગરાસિયા તેને મળવાના બહાને બોલાવ્યા બાદ તેની સાથે ત્રણથી ચાર વાર દુષ્કર્મ ગુજાર્યું હોવાની વાત કરી હતી. સગીરાના પરિવારે ગોરવા પોલીસ સ્ટેશનમાં કૌશિક ગરાસિયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેથી ગોરવા પોલીસે આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને પોલીસ દ્વારા સગીરાનુ મેડિકલ કરાવવાની દિશામાં કાર્યવાહી પણ શરૂ કરી છે.

**ન્યૂઝ ફોકસ** મૃતદેહ આવતાં જ સૌ કોઈની આંખમાં આંસુ હતા. વાઘેલા પરિવાર હિબકે ચડ્યો હતો. મહેન્દ્રભાઈના અંતિમ સંસ્કાર માટે તેમના પત્ની અને પુત્ર લંડનથી પરત આવ્યાં હતાં. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો મોટી પડ્યા હતા. સુથાર ફળીયાથી સ્મશાન સુધી તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી અને તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

## પ્લેનક્રેશમાં મોતને ભેટેલા આણંદના મહેન્દ્ર વાઘેલાની અંતિમ યાત્રા નીકળી

આણંદનું રામનગર ગામ હિબકે ચડ્યું:પૌત્રીને રમાડવા પહેલીવાર પ્લેનમાં બેઠા ને કાળ ભેટી ગયો

• આણંદ

અમદાવાદમાં 12 જૂનના બપોરે 1.38 વાગ્યે બનેલી પ્લેન ક્રેશ દુઘર્ટનામાં મૃત્યુ પામેલા મહેન્દ્ર વાઘેલાના મૃતદેહને આજે આણંદ તાલુકાના રામનગર ગામમાં સુથાર ફળીયા સ્થિત તેમના ઘરે લાવવામાં આવ્યો હતો. અહીં મૃતદેહ આવતાં જ સૌ કોઈની આંખમાં આંસુ હતા. વાઘેલા પરિવાર હિબકે ચડ્યો હતો. મહેન્દ્રભાઈના અંતિમ સંસ્કાર માટે તેમના પત્ની અને પુત્ર લંડનથી પરત આવ્યાં હતાં. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો મોટી પડ્યા હતા. સુથાર ફળીયાથી સ્મશાન સુધી તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી અને તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. રામનગર ગામ હિબકે ચડ્યું હતું.

સાંસદ મિતેશ પટેલ, આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડા, કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણી, પ્રાંત અધિકારી ડૉ.મયુર પરમાર, અધિક નિવાસી કલેક્ટર ઋતુરાજ દેસાઈ સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

45 વર્ષીય મહેન્દ્ર વાઘેલા પોતાની પૌત્રીને મળવા લંડન જઈ રહ્યા હતા. તેમનો પુત્ર લંડનમાં એક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કાર્યરત છે. બે મહિના પહેલા તેમને ત્યાં દીકરીનો જન્મ થયો હતો. મહેન્દ્રભાઈ અને તેમના પત્ની મીનાબેને લંડન જવા માટે સાથે વીઝા માટે અરજી કરી હતી. મીનાબેનને વીઝા મળી ગયા હતા અને તેઓ બે મહિના પહેલા લંડન પહોંચ્યા હતા. મહેન્દ્રભાઈના વીઝા પ્રથમ વખતે રિજેક્ટ થયા હતા. બીજી વખત અરજી કરતાં તેમને વીઝા મળ્યા હતા. 12 જૂનના રોજ મહેન્દ્રભાઈ તેમની જીવનની પ્રથમ વિમાન મુસાફરી માટે અમદાવાદથી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં લંડન જવા નીકળ્યા હતા. દુર્ભાગ્યે, આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં અન્ય સાથે તેમનું પણ મૃત્યુ થયું હતું.

મહેન્દ્રભાઈના પિતા મનુભાઈ વાઘેલાના જણાવ્યા મુજબ, તેમના પુત્રે લંડન જતાં પહેલા કહ્યું હતું કે તેઓ દસ દિવસમાં પરત આવશે. તેમની પત્ની મીનાબેનની 25 તારીખની રિટર્ન ટિકિટ હતી અને બંને સાથે પરત આવવાના હતા. મહેન્દ્રભાઈ સ્કૂલ વાનના ડ્રાઈવર તરીકે કામ કરતા હતા.



**બાલ બાલ બચ્યા** આખલો એટલો જોરથી ભટકતા ગાડીનું કંટ્રોલ ખૂબ મુશ્કેલીથી લેવામાં આવ્યું હતું. ચાર આખલામાંથી એક ગાડી સાથે ટકરાતા આખલો પણ સાઈડમા પટકાયો હતો

# રૂપાણી પરિવારને મળીને ગાંધીનગરથી પરત આવતી વખતે શહેર ભાજપના નેતાઓની કારને અકસ્માત

## ગાડીના આગળના ભાગનો કાચ, સાઈડ મિરર અને દરવાજો તૂટયો

• રાજકોટ

રાજકોટના ભાજપ અગ્રણી અને પંચનાથ હોસ્પિટલના પ્રમુખ દેવાંગ માકડ, સેક્રેટરી મયુર શાહ, ટ્રસ્ટી સંદીપ ડોડીયાનો ગઈકાલે લીમડી રોડ પાસે અકસ્માત થયો હતો. પરંતુ આ અકસ્માતમાં તેઓનો આકસ્મિક બચાવ થયો છે ગાડીમાં સવાર કોઈને ઈજા પહોંચી નથી. હાલ તમામ સભ્યો સ્વસ્થ છે.

આ ઘટના અંગે મયુરભાઈ જણાવે છે કે અમે ગઈકાલે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલી બેનને મળીને ગાંધીનગરથી પરત ફરી રહ્યા હતા.ત્યારે લીમડી પાસે નંદન હોટલ પાસે ચાર આખલા લડતા હતા.

ત્યારે એક આખલાનો તેઓની ગાડી સાથે ટકરાવ થતાં ગાડીને નુકશાન થયું હતું.પરંતુ ગાડીમાં સવાર દેવાંગ માકડ, સેક્રેટરી મયુર શાહ, ટ્રસ્ટી સંદીપ ડોડીયા ઉપરાંત ડ્રાઈવર રાજુભાઈને કોઈપણ જાતની ઈજા પહોંચી ન હતી. ડ્રાઈવરની સુજબૂઝના કારણે મોટી ઘટના બનતી અટકી હતી.

આ દુર્ઘટનામાં ગાડીના આગળના ભાગનો કાચ સાઈડ મિરર અને દરવાજો તૂટી ગયો હતો. એકાએક ઘટના થતાં આજુબાજુ માથી લોકો એકત્ર થયા હતા. અને મદદ કરી હતી સદનસીબે કોઈને ઈજા પહોંચી નથી. ત્યાર બાદ તેઓ પાછળ થી આવતી ભાજપના આગેવાનોની ગાડીમાં રાજકોટ આવ્યા હતા.

આખલો એટલો જોરથી ભટકતા ગાડીનું કંટ્રોલ ખૂબ મુશ્કેલીથી લેવામાં આવ્યું હતું. ચાર આખલામાંથી એક એક ગાડી સાથે ટકરાતા આખલો પણ સાઈડમા પટકાયો હતો. મયુરભાઈ એ જણાવ્યું કે હાલ અમે તમામ લોકો સ્વાસ્થ્ય છીએ. સદનસીબે જોરદાર ટક્કર છત્તાં માત્ર ગાડીને નુકશાન થયું હતું. પરંતુ અમે થોડી પણ ઈજા પહોંચી નથી.





### પોરબંદર ટ્રાફિક પોલીસ દ્વારા ભાવસિંહજી નર્સિંગ સ્કૂલમાં

# ડ્રગ્સ જેવા નશીલા અને માદક પદાર્થોથી થતા નુકશાન અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

**કાર્યક્રમને દીપાવ્યો** ડ્રગ્સ સામે લડત લડવા અને જાગૃતિ ફેલાવવા માટે નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થિનીઓને શપથ લેવડાવવામાં આવ્યા

**આગામી ૨૬મીના આંતર રાષ્ટ્રીય ડ્રગ દિવસની ઉજવણી ના ભાગ રૂપે નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થિનીઓ ડ્રગ ના સેવનથી થતી હાની અંગે વિસ્તૃત સમજ અપાઈ**

• વિરમભાઈ કે આગઠ

આગામી ૨૬/૦૬/૨૦૧૫ ના રોજ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ એબ્યુઝ અને ઈલીઝીટ ટ્રાફિકિંગ વિરુદ્ધ દિવસ મનાવવામાં આવે છે જે અંતર્ગત આજરોજ પોરબંદર ટ્રાફિક પોલીસ દ્વારા પોરબંદર ખાતે ભાવસિંહજી નર્સિંગ સ્કૂલ ખાતે ડ્રગ્સ અને માદક પદાર્થોથી થતા નુકસાન અને યુવાધન આવા વ્યસનથી થતું બરબાદ અંગે સ્કૂલની વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડવા અંગે એક જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓની સૂચના અને માર્ગદર્શન મુજબ તારીખ ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય ડ્રગ એમ્બ્યુઝ અને ઈલીઝીટ ટ્રાફિકિંગ વિરુદ્ધ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ આંતરરાષ્ટ્રીય સમાજને માદક દ્રવ્યોથી મુક્ત કરવા અને આ દિશામાં પગલાં લેવા સંયુક્ત રાષ્ટ્રના સંકલ્પનાની અભિવ્યક્તિ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે યુવાનોમાં વધી રહેલા ડ્રગ ના સેવનને રોકવા અને વૈશ્વિક સ્તરે ડ્રગ ના ઉપયોગ અને ગેરકાયદેસર હેરફેરને રોકવા માટે સમાજમાં જાગૃતિ કેળવવા સારું જાગૃતિ સેમીનારો યોજવા સુચન કરેલ. જે સુચન અન્વયે આજ રોજ પોરબંદર ટ્રાફિક પોલીસ દ્વારા પોરબંદરની ભાવસિંહજી હોસ્પિટલની નર્સિંગ સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ સાથે ડ્રગ્સ ના પ્રકાર અંગે અને તેનાથી થતી આડઅસરો સહિતની માહિતી આપવામાં આવી હતી. તેમજ શાળા કોલેજની આસપાસ કે અન્ય કોઈ જગ્યાએ કે સ્થળે આ પ્રમાણે ડ્રગ્સનું વેચાણ થતું હોય તો પોલીસને જાણ કરવા અનુરોધ કરાયો હતો. અને માહિતી આપનાર વ્યક્તિનું નામ અને ઓળખ ગુપ્ત રહેશે તેવી પોલીસ દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી. તેમજ ડ્રગ્સ સામે લડત લડવા અને જાગૃતિ ફેલાવવા માટે વિદ્યાર્થીનીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા આ સેમિનાર કાર્યક્રમમાં ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ આર જાડેજાનાઓ તથા જેસીઆઈ સંસ્થાના સ્થાપક લાખણશીભાઈ ગોરાણીયા તથા નર્સિંગ સ્કૂલના પ્રિન્સિપાલ રીકિંગ પંડ્યા તથા ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડ ના જવાનો આ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.



# રાજકોટની પ્રાથમિક-માધ્યમિક શાળાઓ અને કોચીંગ કલાસો શોકમય-સજજડ બંધ

### પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને હ્દયાંજલિ અર્પીત કરી હતી

• રાજકોટ



રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજય રૂપાણી સહિત 274 વ્યકિતઓ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દિવંગત થતા રાજકોટ સહિત રાજયભરમાં ભારે ગમગીની સાથે શોકની લહેર ફરી વળી છે.

રાજકોટ શહેર-જિલ્લાની તમામ શાળાઓ અને કોચીંગ કલાસીસોએ આજે શોકમય સજજડ બંધ પાળી પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને હ્દયાંજલિ અર્પીત કરી હતી.

પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી રૂપે શહેરની તમામ બજારો આજે અર્ધો દિવસ બંધ રહી હતી. તેની સાથોસાથ રાજકોટ શહેર-જિલ્લાની તમામ ૪૦૦ જેટલી સરકારી-ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ આજે આખો દિવસ શૈક્ષણિક કાર્ય બંધ રાખેલ હતું. તેમજ શાળા સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓએ સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પીત કરી હતી. આ તકે રાજકોટ શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, આચાર્ય સંઘ સહિતના શૈક્ષણિક સંગઠનોએ શોક ઠરાવ કરી જણાવ્યું હતું કે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ શહેર સહિત સમગ્ર ગુજરાતના વિકાસ અને શિક્ષણમાં ખુબજ મહત્વનો ફાળો આપેલ છે. સ્વ. વિજયભાઈ રૂપાણીનું આ યોગદાન રાજકોટ અને ગુજરાતની પ્રજા હંમેશા યાદ રાખશે. અહીં એ ઉલ્લેખનીય છે કે સ્વ. વિજયભાઈ રૂપાણીના મુખ્યમંત્રી પદના કાર્યકાળમાં રાજકોટને આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ તેમજ એઈમ્સ ઉપરાંત ન્યુ રેસકોર્સ-અટલ સરોવરની ભેટ મળી છે. સ્વ. વિજયભાઈ રૂપાણી લોકોને મદદ કરવામાં અને તેમના પ્રશ્નો હલ કરવામાં હંમેશા તત્પર રહેતા હતા. કોમનમેન તરીકે જાણીતા સ્વ. વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટના વિકાસને નવી દિશા આપી હતી.

રાજકોટના વિકાસ માટે સ્વ. વિજયભાઈ રૂપાણીએ આપેલા યોગદાનને લોકો હંમેશા યાદ કરશે તેમ શિક્ષણવિદોએ જણાવ્યું હતું. સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી રૂપે રાજકોટ શહેર-જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને ટયુશન કલાસીસોએ શોકમય સજજડ બંધ પાળ્યો હતો.

# રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીને ગાર્ડ ઓફ ઓનર અપાશે

### શહેરીજનો અંતિમયાત્રામાં જોડાશે

• રાજકોટ

અમદાવાદ વિમાની દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીનું પણ દુ:ખદ નિધન થયું છે. જેમના મૃતદેહની ઓળખ માટે હાલ ડીએનએ મેચની પ્રોસેસ ચાલી રહી છે.

જે બાદ તેમના નશ્વર દેહને રાજકોટ લાવવામાં આવશે અને રાજકીય સન્માન અને ગાર્ડ ઓફ ઓનર સાથે તેઓને અંતિમ વિદાય આપવામાં આવશે. ગાંધીનગરથી મૃતદેહ રાજકોટ આવ્યાં બાદ ગ્રીનલેન્ડ ચોકડીથી રાજકીય આગેવાનો, કાર્યકરો, સબંધીઓ સહિત શહેરીજનો અંતિમયાત્રામાં જોડાશે.તેમજ તે બાદ રેસકોર્ષમાં પ્રાર્થના સભા યોજાશે જે અંગે રેસકોર્ષમાં યોજાનાર પ્રાર્થનાસભામાં બંદોબસ્ત અને પાર્કિંગની વ્યવસ્થા માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને ભાજપ અગ્રણીઓએ નિરીક્ષણ કરી તૈયારીઓ આદરી હતી.રાજકોટ સહિત ગુજરાતને ક્યારેય ન પુરી શકાય તેવી ખોટ વિજયભાઈ રૂપાણીના નિધનથી પડી છે. વિજયભાઈ રૂપાણી નિધન બાદ તેમના મૃતદેહની ઓળખ માટે કાર્યવાહી ચાલી રહી છે.જે સંભવત આજ સાંજ સુધીમાં પૂરી થઈ જશે જે બાદ તેમના નશ્વર દેને ગાંધીનગરના તેમના નિવાસ્થાનેથી રાજકોટ લાવવામાં આવશે રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પર આવ્યા બાદ શહેર સહિત સૌરાષ્ટ્ર ભરના રાજકીય નેતાઓ કાર્યકરો સ્નહી સંબંધીઓ સહિતના શહેરીજનો તેમની અંતિમયાત્રામાં જોડાશે ગ્રીનલેન્ડ ચોકડી થી સીધા તેમના પ્રકાશ સોસાયટીમાં આવેલ નિવાસ્થાને નશ્વર દેને લઈ જવામાં આવશે.તેમના નિવાસ્થાને નશ્વર દેને થોડા સમય માટે દર્શનાર્થે રખાયા બાદ જ્યાંથી રામનાથ પરા સ્મશાન ખાતે લઈ જવામાં આવશે .

# ખેડા જિલ્લામાં યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નોંધપાત્ર સ્થિતિ સર્જાઇ છે

• નરેશ ગનવાણી નડિયાદ

જિલ્લામાં આવનારી ૨૨ જૂનના ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૨૮૬ સભ્યોની બેઠકો અને એક સરપંચ માટે કોઈ ઉમેદવારી નોંધાઈ નથી. એમાં મોટાભાગની બેઠકો અનુસૂચિત જાતિ કે જનજાતિઓ માટે અનામત છે. નડિયાદમાં ૨૦ પંચાયતની ૨૪ બેઠકો, માતરમાં ૧૭ પંચાયતની ૨૫ બેઠકો અને ખેડામાં ૧૬ પંચાયતની ૨૯ બેઠકો ખાલી છે. એ જ રીતે મહેમદાવાદમાં ૨૪ પંચાયતની ૩૦ બેઠકો અને મહુધામાં ૧૬ પંચાયતની ૨૯ બેઠકો માટે કોઈ ઉમેદવાર નથી. કઠલાલમાં ૧૭ પંચાયતની ૨૧ બેઠકો ખાલી છે. કપડવંજમાં સૌથી વધુ ૩૬ પંચાયતની ૪૫ સભ્યોની બેઠકો અને એક સરપંચની બેઠક માટે કોઈ ઉમેદવાર નથી. ઠાસરામાં ૨૮ પંચાયતની ૪૫ બેઠકો, ગળતેશ્વરમાં ૧૩ પંચાયતની ૨૧ બેઠકો અને વસોમાં ૧૪ પંચાયતની ૧૭ બેઠકો પણ એ જ અવસ્થામાં છે. સ્થાનિક લોકોનું માનવું છે કે સરકાર અનામત બેઠકોને જનરલ કરે તો ઉમેદવારો મળી આવે એ શક્ય છે. એ સિવાય સરકારે પંચાયતોને સીધી ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લીધા પછી પણ ઉમેદવારોમાં ઉત્સાહ ન દેખાયો કે સ્થાનિક લોકોમાં રાજકીય રસ ન હોવાને લીધે આવી સ્થિતિ સર્જાઈ છે.

### ભાઈ સાથે નર્મદા નદીમાં સ્નાન કરવા બહેન આવી હતી

# ગોલ્ડનબ્રિજ પાસે નર્મદામાં ડૂબેલી પરીણિતાનો મૃતદેહ મળી આવ્યો

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વરમાં કમળાની બિમારીમાંથી સાજી થયા બાદ ભાઈ સાથે નર્મદા નદીમાં સ્નાન કરવા આવેલી પરિણિતા ગોલ્ડનબ્રિજ પાસે નર્મદા નદીમાં ડૂબી હતી. તેનો મૃતદેહ બીજા દિવસે જે સ્થળે ડૂબી હતી ત્યાં નજીકમાંથી મળી આવ્યો હતો. ભાઈની નજર સામે જ બહેન પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. અંકલેશ્વરમાં કોવિડ સ્મશાન નજીક નર્મદા નદીમાં ન્હાવા ગયેલી યુવતીનું પાણીમાં તણાઈ જવાથી મોત નિપજ્યું છે.

યુવતીનો મૃતદેહ બીજા દિવસે નદીમાંથી મળી આવ્યો હતો.જલારામ સોસાયટીની રહેવાસી 22 વર્ષીય મધુ દીપુ સિંહ તેના ભાઈ સાથે ગોલ્ડન બ્રિજ નજીક નર્મદા નદીમાં ન્હાવા ગઈ હતી. ન્હાતી વખતે અચાનક મધુ પાણીમાં તણાઈ ગઈ હતી. તેના ભાઈની નજર સામે જ આ ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી અને તેમની ટીમે તથા ફાયર વિભાગે તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી.

બીજા દિવસે નદીમાંથી મધુનો મૃતદેહ મળી આવ્યો હતો. અંકલેશ્વર શહેર “બી” ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે. માત્ર બે વર્ષ પહેલાં જ મધુના લગ્ન થયા હતા. ભાઈની નજર સામે જ બહેનનું ડૂબી જવાના કારણે કરુણ મોત થયું હતું.



# કાટમાળમાં પાસપોર્ટ, સોનાના ઘરેણાં સુરક્ષિત મળી આવ્યા

• અમદાવાદ

અમદાવાદમાં સર્જાયેલી પ્લેન ક્રેશની ઘટનાથી આખો દેશ હચમચી ઉઠયો છે, તેના ઘણા વીડિયો અને ઘણી તસવીરો સામે આવી રહી છે. દુર્ઘટનાગ્રસ્ત બનેલું પ્લેન BJ મેડિકલ કોલેજની હોસ્ટલમાં અથડાયું હતું.

જેમાં પ્લેનમાં સવાર 241ના મોતની પુષ્ટિ થઈ છે. ત્યારે આ મુસાફરો પોતાની સાથે લઈ જઈ રહેલ સામાન એકઠો કરવામાં આવ્યો છે. જેમાં રોકડ રકમ, સોના ચાંદીના દાગીના સહિત પાસપોર્ટ પણ મળી આવ્યા છે.

ઘટના સ્થળ પર ગઈકાલથી રેસ્કયૂ ટીમ સતત કામે લાગી છે અહીં મોટાભાગના મુસાફરોની લાશો ખસેડી દેવામાં આવી છે. જે બાદ રેસ્ક્યૂ ટીમને એક મુસાફરનો મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે જેની સ્ક્રીન તૂટી ગઈ હતી તેમ છતાં ફોનની રીંગ વાગી રહી હતી. તો કેટલીક જ્વેલરી તેમજ રોકડ રકમ તથા અગત્યના ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા છે.રેસ્ક્યૂ ટીમના એક મેમ્બર દ્વારા જણાવેલી માહિતી મુજબ આ કાટમાળમાંથી બ્રિટિશ પાસપોર્ટની સાથે બીજા 8થી 10 જેટલા અલગ અલગ મુસાફરોના પાસપોર્ટ મળી આવ્યા છે. તે સાથે 80થી 90 તોલાની જ્વેલરી (સોનું) મળી આવ્યું છે. તેમજ ઘટના સ્થળેથી 80,000થી 90,000 રોકડ રકમ પણ મળી આવી છે.

**ન્યૂઝ ફોકસ** ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરને કહ્યું ભારત, બ્રિટન અને અમેરિકાની તપાસ એજન્સીઓ અમદાવાદ પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે તપાસમાં જે કંઈ બહાર આવશે તે પારદર્શિતા સાથે શેર કરવામાં આવશે

# “પાવર ઓછો થઈ રહ્યો છે નહીં બચીએ” : દુર્ઘટના પૂર્વે પાયલોટનો આખરી સંદેશ

### વિમાન ઉડતાની સાથે જ પાયલોટે મેડે...મેડે....મેડેનો સંદેશો આપ્યો

• અમદાવાદ

અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન ક્રેશ થવાનું કારણ હજુ જાણી શકાયું નથી. આ અંગે અનેક અનુમાનો લગાવવામાં આવી રહ્યા છે. તેવા સમયે એર ઈન્ડિયાના આ પ્લેનના પાયલોટ સુમિત સભરવાલે આખરી સમયે એર ટ્રાફિક કંટ્રોલરને મોકલેલો સંદેશ પ્રકાશમાં આવ્યો છે.

પાવર ઓછો થઈ રહ્યો છે. નહિ બચીએ જેમાં પાયલોટ સુમિત સભરવાલ વિમાન ઉડતાની સાથે જ 4 થી 5 સેકન્ડમાં, મેડે, મેડે, મેડે કહી રહ્યો છે થ્રસ્ટ નથી મળી રહ્યો, પાવર ઓછો થઈ રહ્યો છે. નહિ બચીએ.

આટલું બોલતાની સાથે જ વિમાન હોસ્ટેલ બિલ્ડિંગ પર વિમાન પર ક્રેશ થયું હતું. હોસ્ટલ બ્લોકમાં 34 લોકોના મોત થયા છે. આ દરમિયાન કુલ મૃત્યુઆંક 275 પર પહોંચી ગયો છે. આ વિમાનમાં 12 ક્રૂ સભ્યો સહિત 242 લોકો હતા. જેમાંથી એક મુસાફરનો આબાદ બચાવ થયો છે.

આ દરમિયાન નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અકસ્માતની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. આ સમિતિ વિમાન સંચાલન પ્રક્રિયાઓ અને અકસ્માતોને રોકવા માટે બનાવેલા માર્ગદર્શિકાઓની સમીક્ષા કરશે. આ સાથે તે ભવિષ્યમાં આવી ઘટનાઓનો સામનો કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શિકા આપશે.

આ અકસ્માત અંગે, ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરને કહ્યું ભારત, બ્રિટન અને અમેરિકાની તપાસ એજન્સીઓ અમદાવાદ પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે તપાસમાં જે કંઈ બહાર આવશે તે પારદર્શિતા સાથે શેર કરવામાં આવશે.



## •ભરૂચ આસપાસ

### ભડકોદ્રાની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાંથી વિદેશીદારૂના જથ્થા સાથે બુટલેગર ઝબ્બે



• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતો આકાશ ગીરી પોતાના ઘરે વિદેશી દારૂ સંતાડી રાખે છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા, પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 117 નંગ બોટલ મળી કુલ 45 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આકાશગીરી પ્રમોદગીરીને ઝડપી પાડ્યો હતો.

### નબીપુર-બંબુસર રોડ પર અનેક વૃક્ષો ધરાશાયી



• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસતા નબીપુર-બંબુસર રોડ પર અનેક વૃક્ષો ધરાશાયી થવાની ઘટના બની હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી પરંતુ થોડા સમય માટે વાહન-વ્યવહાર ખોરવાઈ ગયો હતો. ભરૂચના ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો.

વરસાદના કારણે વાહન-વ્યવહાર ઓછો હોવાથી જાનહાનિ થતાં અટકી હતી. નબીપુર અને બંબુસરને જોડતા માર્ગ પર વૃક્ષો તૂટી પડવાથી થોડો સમય માટે વાહન-વ્યવહાર બંધ રહ્યો હતો. સ્થાનિકોએ વૃક્ષો હટાવીને માર્ગને ફરીથી ખુલ્લો કર્યો હતો.

**સસ્તા અનાજની દુકાન, સિવણ ક્લાસ સહિત અનેકવિધ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાઈ મહિને મેળવે રૂ.૩૦ થી ૪૦ હજારની આવક**

# પોરબંદર : ખિસ્ત્રી ગામની મહિલા મિશન મંગલમ યોજનામાં જોડાતા તેમની કિસ્મત બદલાઈ ગઈ

## સફળતાના શિખરો સર કરવામાં માટે કોઈપણ સંજોગોમાં ભોગ આપવો જ પડેઃ- રાંભીબેન ખિસ્તરીયા



• વિરમભાઈ કે. આગઠ

ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓને વિશેષ મહત્વ આપવાની સાથો-સાથ ભારતીય નારી દેશમાં પુજાય છે. ભારતીય નારીનું આર્થિક, સામજીક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રમાં મહત્વનું યોગદાન છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સરકાર હંમેશા કટીબધ્ધ રહેવાની સાથે સમાજમાં માન-સન્માન, સ્વતંત્રતા અને આર્થિક વિકાસ માટે અનેકવિધ મહિલાલક્ષી યોજના અમલમાં મુકી તેનો સીધો લાભ મહિલાઓને આપવામાં આવે છે. સરકારી યોજનાઓના લાભથી આજે મહિલાઓનો આર્થિક વિકાસ થવાની સાથે સમાજમાં સારી નામના ધરાવે છે. પોરબંદર તાલુકાના ખિસ્ત્રી ગામની મહિલાએ સફળતાના શિખરો સર કરી સિધ્ધી હાંસલ કરી છે. મહિલાઓ માટે પ્રેરણારૂપ સફળતાના સાક્ષી અને મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ રાંભીબેન ખિસ્તરીયા બન્યા છે. રાંભીબેન ખિસ્તરીયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૮ માં સતસંગ સખીમંડળમાં જોડાયા બાદ સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ લાભો જેવા કે, આર્થીક સહાય, તાલીમ અને માર્ગદર્શન દ્વારા આજે મને આ સફળતા પ્રાપ્ત થઈ છે. બહેનોએ સફળતાના શિખરો સર કરવામાં માટે કોઈપણ સંજોગોમાં ભોગ આપવો જ પડશે અને રાંભીબેન ખિસ્તરીયાની સફળતા પાછળ પણ એક સંઘર્ષ ભરેલી કહાની છે. તેઓ પહેલા અલગ- અલગ જગ્યાએ શાળામાં શિક્ષક, હોસ્ટેલમાં ગ્રૃહમાતા, મહિલા અદાલત નોકરી, કસ્તુરબા ગાંધી વિધાલયમાં મુખ્ય વોર્ડન સહિતની ફરજો બાદ છેવટે વર્ષ ૨૦૧૮ના અંતમાં ખ્રિસ્તીગામમાં તેઓના ઘરે સિવણ કામ શરૂ કરી ગામની બહેનો સાથે સત્સંગ કરતા હતા. પોરબંદર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મિશન મંગલમ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮માં સત્સંગ સખી મંડળની રચના કરી તેમા પ્રખુમ તરીકેનું પદ નિભાવી મંડળના બહેનોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ અપાવ્યો હતો. સત્સંગ સખી મંડળના નામે વર્ષ ૨૦૨૨માં ખિસ્તીગામમાં સસ્તા અનાજની દુકાનની પરવાનગી મળતા ખિસ્તીગામના લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ થી ભારત ગેસ એજન્સી મળતા ગ્રામજનોને ઉજ્જવલાના યોજનાનો લાભ આપવા માટે ફોર્મ ભરી અનેક મહિલાઓને ઉજ્જવલા યોજનાનો લાભ અપાવવામાં મદદરૂપ બન્યા છે. આર.સે.ટી. દ્વારા આયોજીત સાબુ, સોડા અને ફિનાઈલ બનાવવાની તાલીમમાં સહભાગી થવાની સાથે દેગામ, વિસાવાડા, વિઝરાળા સહિતના ગામોમાં બહેનોને બ્યુટી પાર્લર, શિવણ ક્લાસ અને ગૃહ ઉધોગ શરૂ કરવા તાલીમ આપી પ્રેરણા આપવામાં આવી હતી. સત્સંગ સખી મંડળને વર્ષ ૨૦૨૪ના ગરીબ કલ્યાણ મેળામાં સી.એલ.એફ.માટે રૂા.૩.૫૦ નો ચેક અર્પણ કરવામાં આવતા સખી મંડળને વધુ આર્થિક મજબુત બન્યું છે. સખી મંડળની સાથે-સાથે તેઓ કાપડ-કટલેરીનુ વેંચાણ, મહીલાઓ માટે સીવણ ક્લાસ, સસ્તા અનાજની દુકાન ચલાવવાની સાથે સાબુ - ફિનાઈલનું ઘરે ઉત્પાદન કરીને તેઓ મહિને ૩૦ થી ૪૦ હજારની આવક મેળવીને આત્મ નિર્ભર બન્યા છે. રાંભીબેન પોતાની સફળતાનો પુરો શ્રેય સરકારને આપે છે અને સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવે છે કે, આજે મને જે પણ સફળતા મળી છે તે સરકારની યોજનાઓ થકી મળેલી છે, આજે મારી આર્થીક સ્થિતી ખૂબ સારી છે અને કોઈના પર આધાર રાખવો પડતો નથી. તેઓએ અન્ય મહિલાઓને પણ સખીમંડળમાં જોડાવા, સરકારી યોજનાઓનો લાભ લેવા અને આત્મ નિર્ભર બનવા માટે પણ અપીલ કરી હતી.

**અન્ય બચ્ચાઓને ઈજા પહોંચી**

# અંકલેશ્વરની સાંઈ વાટીકા સોસાયટીમાં રહેતા શ્વાનના બચ્ચાઓ પર ફોર વ્હીલર ચઢાવતા એક બચ્ચાનું મોત

## ગંભીર ઘટના બાદ અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વરના કોસમડી ગામની યોગ નગર સાંઈ વાટીકા સોસાયટીમાં રહેતા શ્વાનના બચ્ચાઓ પર ફોર વ્હીલર ચઢાવી દેવાતા એક બચ્ચાનું મોત નિપજ્યું છે, જ્યારે અન્ય બચ્ચાઓને ઈજા પહોંચી છે.

સોસાયટીમાં રહેતા બિલ્ડર જય પ્રકાશ યાદવને તેમની પત્નીએ ફોન કરીને જાણ કરી હતી કે, વિજય પાટીલે બંસી પાટીલની કાર શ્વાનના બચ્ચાઓ પર ચઢાવી દીધી છે. આ ઘટના સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. જેથી જય પ્રકાશે તરત જ જીવદયા પ્રેમી સંસ્થા સાર્થક ફાઉન્ડેશનનો સંપર્ક કર્યો હતો.

જીવદયા પ્રેમી સંસ્થાના સુરજસિંગને CCTV ફૂટેજ તપાસ્યા બાદ જાણવા મળ્યું હતું કે, એક બચ્ચાનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ગંભીર ઘટના બાદ અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં વધુ તપાસ શરૂ કરી છે.



# વાગરાના ખંડાલી ગામેથી સાત જુગારીયા ઝડપાયા



• કેતન મહેતા, વાગરા

વાગરાના વસ્તી ખંડાલી ગામે સ્મશાનની પાછળ આવેલ બાવળની ઝાડીઓમાં ચાલતા જુગારધામ પર વાગરા પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં ૪૦ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ૭ ખેલીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

વાગરા પી.આઈ એસ.ડી ફુલતરિયાનાઓના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફને વસ્તી ખંડાલી ગામે ચાલી રહેલા જુગારધામ અંગે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસ ત્વરિત એક્શન મોડમાં આવી હતી. પોલીસે તાલુકાના વસ્તી ખંડાલી ગામે સ્મશાનની પાછળના ભાગે આવેલ બાવળની ઝાડીઓમાં દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલા ખેલીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે સ્થળ પરથી અંગ ઝડતીના રોકડ રૂપિયા ૧૧,૯૫૦, દાવ ઉપરના રોકડા ૧૨૫૦ અને ૨૭,૦૦૦ ની કિંમતના ૬ મોબાઈલ ફોન મળી કુલ ૪૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં વસ્તી ખંડાલી ગામના સોકત રહીમ ખીલજી, બશીર ઈબ્રાહીમ મન્સુરી, શાહબુદ્દીન દાઉદ ભટ્ટી, લક્ષ્મણ ચંદુ રાઠોડ, ઘનશ્યામ રણજિત રાઠોડ, વિજય નગીન રાઠોડ, દિનેશ છગન રાઠોડનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**પોરબંદરની મહિલા હોસ્ટેલમાં કપાળમાં કુમકુમ તિલક કરી**

# ગુલાબ પુષ્પથી પ્રવેશેલ કન્યાઓને મોં મીઠુ કરાવી છાંત્રોનો પ્રવેશોત્સવ યોજાયો

## છાત્રાલયએ દીકરીઓના જીવન ઘડતરની ઉત્તમ પાઠશાળા છે :ડૉ વિરમભાઈ ગોઢાણીયા

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદરની માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રષ્ટ સાંચાલિત શિક્ષણ, શિસ્ત અને સંસ્કાર ઘડતરમાં અંગ્રેસર પોરબંદર ની ડૉ, વી.આર ગોઢાણીયા મહિલા હોસ્ટેલ ખાતે તાજેતરમાં વિદ્યાર્થીનીઓનો પ્રવેશોત્સવ નું આયોજન કરવા માં આવેલ હતું છાત્રાલય ના પ્રાર્થના હોલ ખાતે શ્રી સરસ્વતી માતાજીને પુષ્પમાળા સાથે દીપ પ્રજવવલિત સાથે આરતી કરીને ગોઢાણીયા મહિલા હોસ્ટરેલના એડમિનિસ્ટર કિરણ બેન ખૂંટી એ દીકરીઓ ના શિક્ષણ, શિસ્ત અને સંસ્કાર ઘડતરની પ્રવૃર્તિ ની રૂપરેખા સાથે સૌને આવકારી છાત્રાલય પ્રવેશ કરાવ્યો હતો

આ પ્રસંગે મહિલા હોસ્ટેલ ના માર્ગદર્શક દાતા શ્રીમતિ જયશ્રી બેન વિરમભાઈ ગોઢાણીયા એ જણાવ્યું હતુંકે, છાત્રાલયમાં જ્યા દીકરીઓનું વિદ્યા ભ્યાસ સાથે ઉત્તમ જીવન શૈલી ની તાલીમ મલે છે .ફક્ત ભણવું એજ પર્યાપ્ત નથી સાથોસાથ નિયમિત્તા, સમૂહ જીવન, સ્વાવ લબન, સહકાર, સાદો અને પોસ્ટક ખોરાક, સાથે જીવન ઘડતર થવાંથી ભાવિ પડકારો નો સામનો કરવાનું નૈતિક બલ છાંત્રો ને પ્રાપ્ત થાય છે આ પ્રસંગે ટ્રષ્ટ ના પ્રમુખ, જાણીતા દાતા અને વિદ્યા પ્રેમી ડૉવિરમભાઈ ગોઢાણીયાએ જણાવ્યું હતું કે, છાત્રાલય એ ચોવીસ કલાકની શાળા છે. છાત્રાલય એ દીકરીઓ ના જીવન ઘડતર ની ઉત્તમ શાળા છે, શાળામાં જે સ્થાન આચાર્ય, કુટુંબમાં વડીલ નું છે તેવું સ્થાન છાત્રાલય માં ગૃહ માતા નું છે તેના માધ્યમ થકી સમૂહજીવન ના પાઠો શીખવાથી સંયુક્ત પરિવાર ની ભાવના બળવતર બને છે.

આથી આજે પણ આપણે પ્રાચીન ગુરુકુળ ને યાદ કરીએ છીએ સૌ કન્યા ઓ ને આવકારી અભિનંદન સાથે શુભેચ્છઓ પાઠવી હતી. આ પ્રસંગે ગોઢાણીયા બી એડ કોલેજના ડાયરેક્ટર અને જાણીતા કેળવણીકાર ડૉ ઈશ્વરભાઈ ભરડા એ જણાવ્યું હતું કે વિદ્યાર્થી એ વિદ્યાના ઉપાસક છે.

શ્રીમદ્દ ભગવદ ગીતા ના અધ્યાય ૧૬/૧ માં જણાવ્યા નુસાર સ્વા ધ્યાય માં પ્રમાદ કે આળસ કરવી નહિ સ્વાધ્યાય એટલેકે સ્વ અધ્યન કરવું એ માટે શિક્ષણ વિદોએ છાત્રવાસી શિક્ષણ ઉત્તમ ગણાવ્યું છે .કારણકે છાત્રાલયમાં અભ્યાસ કરી ચૂકેલા અન્ય માટે પ્રેરણા શ્રોત બને છે છાત્રાલયમાં પ્રવેશ પામેલ દીકરીઓ ને કપાળમાં તિલક કરી મૉ મીઠુ કરાવી મહાનુભાવો એ પ્રવેશ કરાવ્યો હતો. છાત્રાલય પ્રવેશોત્સવ ના અવસરે ગોઢાણીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ કેતનભાઈ શાહ, યોગા કોલેજ ના કોરડીનેટર જીવા ભાઈ ખૂંટી, ટ્રષ્ટના અંગત સેક્રેટરી કમલેશભાઈ થાનકી ગોઢાણીયા ગર્લ્સ હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી શ્વેતા બેન રાવલ, ઈંગ્લીસ મીડીયમ સ્કુલ ના પ્રિન્સિપાલ ભાવના બેન અટારા, ગુજેરાતી માધ્યમ સ્કુલ ના પ્રિન્સિપાલ પૂજા બેન મોઢા, ગૂજરાત પ્રિ. પ્રાયમરી સ્કુલ ના આચાર્ય અનિતા બેન પંડ્યા, સહીત ના સા રસ્વતો એ નવા પ્રવેશ પામેલ છાત્રોને આવકારી અભિનંદન સાથે શુભેચ્છઓ પાઠવી હતી આ વિદ્યાર્થી લક્ષી કાર્યક્રમને આવકારી ટ્રષ્ટના મેનેજીંગ ટ્રષ્ટિ અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રષ્ટિ ભરત ભાઈ ઓડેદરા, શ્રીમતિ શાન્તા બેન ઓડેદરા, ભરત ભાઈ વિસાણ સહિતના ટ્રષ્ટ ગણે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી આ અવસરે હોસ્ટેલ ના એડમિનિટેટર કિરણ બેન ખૂંટી ના માર્ગદર્શન હેઠળ ગૃહમાતા વાલીબેન, જયશ્રી બેન,તેજલબેન, વિધિબેન જેઠી બેન હોસ્ટેલ સ્ટાફ પરિવારે સારી જહેમત ઉઠાવી હતી



# અંકલેશ્વરમાં પાડોશીએ ડબ્બો પાડવાના બહાને બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર જી.આઈ.ડી.સી નજીકના ગ્રામ્ય વિસ્તારમાં 10 વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરવાનો કિસ્સો સામે આવ્યો છે. પોલીસે આરોપી રમેશ તિવારીની ધરપકડ કરી છે.

ઘટના મુજબ, બાળકી તેના ભાઈ-બહેન સાથે રમી રહી હતી. તે સમય દરમિયાન તે પાડોશી રમેશ તિવારીના ઘરે ગઈ હતી. આરોપીએ બાળકીને ડબ્બો પાડવાના બહાને અલમારી પર ચઢાવી હતી. ત્યારબાદ તેણે બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા હતા. બાળકીએ આરોપીને ધક્કો મારીને ત્યાંથી ભાગી છૂટવામાં સફળતા મેળવી હતી. તેણે તરત જ પરિવારજનોને આ ઘટના વિશે જાણ કરી હતી. જેથી પરિવારજનોએ અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી રમેશ તિવારીની ધરપકડ કરી છે. હાલ પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



# ઝઘડીયાના ખડોલીની શિવ મિનરલ્સ સિલિકા પ્લાન્ટમાં ઈલેક્ટ્રિશિયન કન્વેયર બેલ્ટમાં ફસાતા મોત

• કેતન મહેતા ઝગડીયા

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ખડોલી ગામમાં શિવ મિનરલ્સ સિલિકા પ્લાન્ટમાં અમદાવાદના 32 વર્ષીય ઈલેક્ટ્રિશિયન શ્રવણકુમાર શ્રીજોખુરામ ગૌતમનું કન્વેયર બેલ્ટમાં ફસાઈ જવાથી મોત નીપજ્યું છે.

શ્રવણકુમાર પ્લાન્ટમાં કાર્યરત હતા તે સમય દરમિયાન તેમનો હાથ કન્વેયર બેલ્ટમાં આવી જતાં તેઓ મશીનમાં ખેંચાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્લાન્ટમાં કુલ 25 શ્રમિકો કામ કરે છે. દુર્ઘટનાની જાણ થતાં પ્લાન્ટ મેનેજર રાજકુમાર સુરેન્દ્ર પાલ અને અન્ય કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. રાજપારડી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.



મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અવિધા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ મૃતકના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI